સુવિચાર
વાંચન જેટલું બીજું કોઈ સસ્તુ મનોરંજન નથી અને એના જેટલો કોઈ મોંઘો આનંદ નથી.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૧/૦૨/૨૦૨૪, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ મહા સુદ-૧૨ વર્ષ : ૧૫ અંક : ૦૬૦

તદ્દન મફત/વિના મુલ્યે
આયુર્વેદિક વિભાગ દ્વારા આયોજીત કેમ્પ
૧ દિવસથી ૧૨ વર્ષનાં બધા બાળકોને શિબિરમાં ડ્રોપ્સ આપવામાં આવશે.
પુષ્યનક્ષત્ર ના શુભ અવસરે સુવર્ણપ્રાશન સંસ્કાર
દ્વારા આપના બાળકને આપો સંપૂર્ણ સ્વાસ્થ્યની સૂવર્ણ ભેટ
તા.૨૧-૦૨-૨૦૨૪ બુધવાર તથા ૨૨-૦૨-૨૦૨૪ ગુરૂવાર
સમય : સવારનાં ૯ થી ૧, સાંજના ૫ થી ૮ સુધી
સુવર્ણપ્રાશન દરરોજ પણ આપી શકાય છે | વધુ માહિતી માટે રૂબરૂ મુલાકાત લો.
કેમ્પનું સ્થળ : નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ - સંચાલિત
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ હોસ્પિટલ (ગોળ દવાખાનું)
ચિતલ રોડ, અમરેલી. ફોન નં. (૦૨૭૯૨) ૨૨૩૩૧૬/૨૨૮૯૦૪
આયુર્વેદ ઈમ્યુનાયઝેશન ફાયદાઓ
• યાદશકિત અને ગ્રહણશકિતમાં વધારો • આયુર્વેદીક રસીકરણ
• ઉંમર પ્રમાણે વજન અને ઉંચાઈનો વધારો • પાચનશકિતમાં વધારો
• રોગપ્રતિકારક શકિત વધવાથી સીઝનલ રોગો ઓછા થવા
• મગજતેજ અને બાળક ઉત્સાહી બને

## રૂપિયા ૧૦૫.૩૯ કરોડની આવક સામે રૂપિયા ૧૦૫.૨૩ કરોડનાં ખર્ચનો અંદાજ

# અમરેલી પાલિકાનું વર્ષ ૨૦૨૪-૨૫ નું પુરાંતલક્ષી બજેટ મંજૂર

વર્ષાન્તે રૂપિયા ૫.૩૪ લાખ પુરાંતનો અંદાજ આંકવામાં આવ્યો

પાલિકા પ્રમુખની અધ્યક્ષતામાં યોજાયેલ બજેટ બેઠકમાં ૩૯ નગરસેવકો હાજર રહ્યા

પાણી, સ્વીપર મશીન, ફૂટપાથ, સાયકલ ટ્રેક સહિતનાં વિકાસકાર્યો કરવામાં આવશે

કરવેરામાં કોઈપણ પ્રકારનો વધારો કરવામાં ન આવતાં શહેરીજનોમાં હાશકારો



અમરેલી, તા. ૨૦
અમરેલી નગરપાલિકાની બજેટઅંગેનીમિટીંગઆજરોસવારનાં ૧૧ કલાકે અમરેલી નગરપાલિકા કચેરીમાં યોજવામાં આવેલ હતી. જેમાં અમરેલીનગરપાલિકાનાંચૂંટાયેલા ૪૪ સભ્યોપૈકી ૩૯સભ્યોમિટીંગમાંહાજર રહેલ હતા. સંસ્થાનું વર્ષ ૨૦૨૪-૨૫ બજેટ પ્રમુખ બિપીનભાઈ લિંબાણી ધ્વારાસભાસમક્ષરજૂકરવામાંઆવેલ હતું.જેમાંબજેટમાંકુલઅંદાજીતઆવક રૂા. ૧૦૫.૩૯કરોડનીસામે૧૦૫.૨૩ કરોડનોખર્ચ દર્શાવવામાં આવેલ હતો. જેમાં પુરાંત રૂપિયા ૫.૩૪ લાખ દર્શાવવામાંઆવેલહતી. બજેટનીમુખ્ય જોગવાઈમાંસ્વર્ણિમજયંતીમુખ્યમંત્રી શહેરીવિકાસયોજનાઅંતર્ગત

અનુસંધાન પાના ૬ ઉપર

## દરવાજા બદલવાનાં હોવાથી

# ધારી નજીક આવેલ ખોડિયાર જળાશયનાં ૨ દરવાજા ખોલાયા

નિચાણવાળા વિસ્તારોને સાવચેત રહેવા જણાવાયું



અમરેલી, તા. ૨૦
ધારીગામપાસેશેત્રુંજીનદી ઉપર આવેલા ખોડીયાર સિંચાઈ યોજનામાંડેમસેફટીનેલગતરેડીયલગેટ બદવાની કામગીરી કરવાની હોવાથી નર્મદા, જળસંપત્તિ, પાણીપુરવઠાઅને કલ્પસરવિભાગનાપરીપત્રઅન્વયેઆ યોજનાનાબે દરવાજા ૬ ઈંચજેટલા

અનુસંધાન પાના ૬ ઉપર

## કાર આપવાનાં નામે નાણા લઈ લીધા

# અમરેલીનાં કારવર્લ્ડનાં સંચાલક વિરૂધ્ધ રૂપિયા ૧૩.૯૧ લાખની છેતરપીંડીની ફરિયાદ

રાજેશ ભટ્ટ અને તેજસ ભટ્ટ વિરૂધ્ધ ફરિયાદ નોંધાઈ

અમરેલી, તા. ૨૦
અમરેલીમાં રહેતા રાજુભાઈ ઉર્ફે રાજેશભાઈ ભટ્ટ તથા તેજસભાઈ ભટ્ટ (કારવર્લ્ડ) વાળાએ ગારિયાધાર તાલુકાના વેળાવદર ગામે

અનુસંધાન પાના ૬ ઉપર

## ગ્રામનાં પ્રથમ નાગરિકે એક પરિણીતાનો ગેરલાભ લીધો

# કુંકાવાવનાં સરપંચ દુષ્કર્મની ફરિયાદ નોંધાયા બાદ ઘણા દિવસોથી પોલીસ પકડથી દુર

પોલીસ દ્વારા આરોપીની ધરપકડ ક્યારે થશે તેની ચર્ચા શરૂ

અમરેલી, તા. ૨૦
કુંકાવાવમાં સરપંચ તરીકે નિવૃત ફોજી સંજય લાખાણીએ સુકાન સંભાળ્યા બાદ અનેક વિકાસ કામોથી સમગ્ર પંથકમાં તે એક યુવા જાગૃત

અનુસંધાન પાના ૬ ઉપર

## સહકારી અગ્રણી દિલીપ સંઘાણીનાં નેતૃત્વમાં જબરદસ્ત કામગીરી

# ભૈ વાહ : અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્કે અટલ પેન્શન યોજનામાં લક્ષ્યાંક પૂર્ણ કરવાની સિધ્ધિ મેળવી

દેશની તમામ બેન્કોને પછાડીને અમરેલીની બેન્કે પ્રેરણાદાયી કાર્ય કર્યુ

અમરેલી, તા. ૨૦
સરકારની અટલ પેન્શન યોજનાથી વધુમાં વધુ લોકો આ યોજના થકીલાભાન્વિતબનેતેમાટેનાઅપાયેલા માપદંડોને અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેન્કે સર્વશ્રેષ્ઠ કામગીરી દ્વારા લક્ષ્યાંકઉપરાંતનીકામગીરીપાર પાડીને સમગ્ર દેશની સહકારી અને ખાનગી બેન્કોમાં સર્વ પ્રથમ સ્થાન મેળવીને વિશિષ્ટ સિધ્ધિ હાંસલ કરતા અમરેલી જીલ્લાસહિતસહકારીક્ષેત્રે ગૌરવપ્રાપ્ત કર્યુ છે.

અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેન્કે અટલ પેન્શન યોજના અભિયાન તળે કુલ ૨૦૯ બેન્કોની કામગીરીમાં શ્રેષ્ઠ કામગીરી કરીને અપાયેલ ૭૫૦ના લક્ષ્યાંકસામે ૧૫૧૯ હાંસલકરીનેઅનુકરીણયકામગીરીકરેલ છે. ૧૦૦ટકાનાલક્ષ્યાંકસામે૨૦૨.૫૩



ટકાનીકામગીરીકરેલછેજેસમગ્રદેશની અટલ પેન્શન યોજનાની કામગીરીમાં વિક્રમજનક પરિણામ છે. જેમના લક્ષ્યાંક ૧૫૦ટકાઅનેતેથીવધુ ૧૨૫ થી ૧૫૦ટકાઅને ૧૦૦થી ૧૨૦ટકા હોયછે.

અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક જીલ્લાના ખેડુતોની પોતીકી બેન્ક તરીકે કાર્યરત હોય સરકારની અનેકવિધ યોજનાઓ અને સહકારીબેન્કીંગકામગીરીથીછેવાડાના લોકો સુધી પથરાયેલી આ બેન્કનું સંચાલનઅનેનેતૃત્વદિલીપસંઘાણીના માર્ગદર્શન તળે થઈ રહેલ હોય. આ

અનુસંધાન પાના ૬ ઉપર

BOSCH સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
BOSCH ઈલેકટ્રોનીક્સ તથા હોમ એપ્લાયન્સીસ પ્રોડકટસની સંપૂર્ણ શ્રેણી મેળવો માત્ર એકજ સ્થળે...
સરળ માસીક હપ્તે વસાવો
0% વ્યાજદર
SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION
EASY EMI AVAILABLE | BAJAJ FINSERV | HDB FINANCIAL SERVICES
RAM ENTERPRISE
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૭૨, મો. ૯૬૮૭૦૧૪૦૦૦

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ
આજનો ૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ (૧૦ ગ્રામ)
55,190/-
અમરેલી
વધુ માહિતી માટે : ૬૩૫૨૪ ૩૧૩૬૬

## નિયમોનો ઉલાળીયો કરીને કલીનમેક્ષ કંપનીએ પવનચકકી ઉભી કરી દીધાનાં વિવાદ વચ્ચે

# લાઠીનાં હરસુરપુર–પૂંજાપરની પવનચકકીનો વિવાદ હાઈકોર્ટ સુધી પહોંચ્યો

**૨૮મી ફેબ્રુઆરીનાં રોજ કલીનમેક્ષ કંપનીને હાઈકોર્ટમાં જવાબ રજૂ કરવા માટે તાકીદ કરાઈ**

**ગૌપાલક પર્યાવરણ વન્ય અને દરિયાઈ જીવ રક્ષક ટ્રસ્ટ દ્વારા થયેલ પીઆઈએલ મંજૂર કરાઈ**

**લાઠી, બાબરા પંથકમાં પવનચકકી ઉભી કરવામાં અનેક ગેરરીતિ બહાર આવી રહી છે**

**સ્થાનિક વહીવટીતંત્ર લાજ કાઢીને બેઠું હોવાથી પર્યાવરણ પ્રેમીઓને હાઈકોર્ટ સુધી જવું પડે છે**

અમરેલી, તા. ૨૦

અમરેલી જિલ્લાનાં બાબરા–લાઠી પંથકમાં છેલ્લા પાંચેક વર્ષથી પવનચકકી ધ્વારા ઉર્જા ઉત્પન્ન કરવાની ગતિવિધિ તેજ બની ચુકી છે. જેમાં પર્યાવરણથી લઈને સરકારી સંપત્તિ ગણાતા માર્ગને નુકસાન થઈ રહ્યાની ફરિયાદ અવારનવાર પ્રકાશમાં આવી રહી છે. પરંતુ જિલ્લાનું વહીવટીતંત્ર લાજ કાઢીને બેઠું હોવાથી પર્યાવરણપ્રેમી સંસ્થાઓને નાછુટકે પર્યાવરણનાં હિતમાં હાઈકોર્ટોનાં દ્વાર ખખડાવવામાં પડી રહ્યા છે.

દરમિયાનમાં સરંભડા ગામનાં ગૌપાલક પર્યાવરણ વન્ય અને દરિયાઈ જીવ રક્ષક ટ્રસ્ટ ધ્વારા લાઠીનાં હરસુરપુર–પૂંજાપર ગામે કલીનમેક્ષ કંપનીએ ખેતીની જમીનને બિનખેતી કર્યા વગર સહિતની અનેક ગેરરીતિ આચરીને પવનચકકી ઉભી કરવાની ફરિયાદ સ્થાનિક તંત્રને કર્યા બાદ યોગ્ય પરિણામ ન મળતાં અંતે પર્યાવરણનાં હિતમાં કંપની વિરૂધ્ધ ગુજરાત હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી કરતાં હાઈકોર્ટ ધ્વારા આગામી ૨૮ ફેબ્રુઆરીનાં રોજ કલીનમેક્ષ કંપનીને જવાબ રજૂ કરવા તાકીદ કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

---

### સગાઈ તૂટી જવાનાં મનદુઃખનાં કારણે

## રાજુલાનાં પિપાવાવ ગામનાં યુવક ઉપર લોખંડનાં પાઈપ વડે હુમલો

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૨૦

રાજુલા તાલુકાના પિપાવાવ ગામે રહેતા વિપુલભાઈ મંગાભાઈ ગુજરીયાની સગાઈ તુટી ગયેલ હોય. જેનુ મનઃદુખ રાખી આરોપી મંગાભાઈએ આવી રાજુલા તાલુકાનાં પિપાવાવધામ ગામે રહેતા સુરેશભાઈ માલાભાઈ મકવાણા નામનાં ૨૬ વર્ષિય યુવકને જેમફાવે તેમ ગાળો આપી બાદ તેમના ત્રણેય દિકરા મુકેશભાઈ, વિપુલભાઈ તથા જગદીશ ઉર્ફે જગો નામના આરોપીઓએ આવી યુવક સાથે ઝપાઝપી કરી યુવકને શરીરે મુંઢમાર મારી તથા આરોપી વિપુલભાઈએ લોખંડની પાઈપ વડે એક ઘા કપાળ પર તથા બીજો ઘા ડાબી આંખની ઉપર મારી કપાળ ઉપર ચાર ટાંકા તથા ડાબી આંખ ઉપર સાત ટાંકા તથા મુંઢમાર મારી, ઈજા કરી, આરોપીઓએ યુવકને મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

---

### નાના એવા ગામમાં બઘડાટી બોલી

## લાઠીનાં જરખીયા ગામે મુછ મરડવા બાબતે મારામારીની ઘટના બની

**પોલીસે ૪ ઈસમો વિરૂઘ્ધ ફરિયાદ નોંધી**

અમરેલી, તા. ૨૦

લાઠી તાલુકાના જરખીયા ગામે રહેતા સાગરભાઈ ગોકુળભાઈ આલગોતર નામનાં ૨૨ વર્ષિય રત્ન કલાકારના કુટુંબમાં લગ્ન હોય જેથી જમણવાર માટે છાસ લેવા યુવક તથા સાહેદો ગામમાં આવેલ રસીકભાઈ કાકડીયાની દુકાને જતા ત્યા બાજુમાં જયદેવભાઈ ડેરની દુકાન આવેલ હોય. આ દુકાને હાજર આરોપી મંથન રણજીતભાઈ હેરમા (રહે. જરખીયા)એ રત્ન કલાકાર તથા સાહેદો સામે મુંછો મરડતા સાહેદ જયદીપ આલગોતરે કહેલ કે અમારી સામે મુંછ કેમ મરડો છો ? આ બાબતે આરોપીને સારૂ ન લાગતા આરોપીએ રત્ન કલાકાર તથા સાહેદોને જેમફાવે તેમ ગાળો આપી ત્યારબાદ આરોપી અક્ષયભાઈ ગીગાભાઈ ડેર, સતીષભાઈ જેઠાભાઈ ડેર, હિરેનભાઈ રણજીતભાઈ હેરમા (રહે. તમામ જરખીયા) તથા હિતેષભાઈ બંધીયા (રહે. ટોડા) વાળા બે મોટર સાયકલ લઈ વારા ફરતી આવી રત્ન કલાકાર યુવક તથા સાહેદોને જેમફાવે તેમ ગાળો આપી તેમજ આરોપીએ આડેધડ ઢીકા પાટુ તથા કમરે બાંધવાના પટ્ટાથી માર મારી, મુંઢ ઈજા કરી, જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

---

### કૃષિપ્રધાન દેશમાં કૃષિકારોની વર્ષો જૂની માંગ પૂર્ણ કરવામાં આવતી નથી

## અમરેલી જિલ્લામાં ખેતીવાડી માટે સંઘર્ષ કરતાં ખેડૂતોનાં હિતમાં ધોળે દિ'એ વીજળી આપવી જરૂરી

**ઘઉંનો પાક તૈયાર થવામાં હોય પુરતા પ્રમાણમાં વીજળી પણ જરૂરી**



(પ્રતાપ ખુમાણ દ્વારા)

સાવરકુંડલા, તા. ૨૦

પહેલા રાની જંગલી પશુઓના ડરથી દિવસે વીજળી માંગતા હતા, હવે અત્યારે ઘઉંની સિઝનમાં દિવસ દરમિયાન પવનની ઝડપ ખૂબ જ વધી ગઈ હોવાથી દિવસે પિયત આપવાથી ઘઉંનો પાક ઢળી જાય છે. એટલે તમામ ઘઉં પકવતા ખેડૂતોની તાત્કાલિક માંગણી છે કે, હમણાં ઘઉંની સિઝનમાં છેલ્લું પિયત આપવાનું ચાલી રહ્યું છે ત્યારે આ સિઝન પૂરતું એક અઠવાડિયા દરમિયાન રાત્રિ દરમિયાન પાવર આપવામાં આવે તો ખેડૂતોનો પાક બચી જશે, નહિતર ઘઉંની સિઝન નિષ્ફળ જવાની ભીતિ છે. પીજીવીસીએલ સર્કલના જવાબદાર અધિકારીઓ આ બાબતે તાત્કાલિક ધ્યાન આપે તેવી ખેડૂતોની માંગણી છે.

---

### પ્રયોશા કંપનીનાં પ્રો. સહિત જામીનદારો વિરૂઘ્ધ ફરિયાદ નોંધાઈ

## અમરેલીની યુનિયન બેન્ક ઓફ ઈન્ડિયામાં બનાવટી દસ્તાવેજો રજૂ કરીને મેળવેલ લોનનો અન્ય જગ્યાએ ઉપયોગ

**પી.એમ.ઈ.જી.પી. યોજના–૨ ની ધંધા માટે લોન લીધી હતી**

અમરેલી, તા. ૨૦

અમરેલીના કેરીયા રોડ ઉપર આવેલ બંસીધર સોસાયટીમાં રહેતા અને પ્રયોશા કંપનીના પ્રોપોરાઈટર જયશ્રીબેન વિરલભાઈ શિયાણી તથા તેમની કંપનીની લેતીદેતી સંભાળનાર તથા જામીનદાર વિરલભાઈ વિઠ્ઠલભાઈ શિયાણી તથા તેમના જામીનદારો રાજનભાઈ વિઠ્ઠલભાઈ શિયાણી (રહે. વાંડળીયા તા. બાબરા), પિયુષભાઈ ગોરધનભાઈ શિયાણી (રહે. અમરેલી, શિયાણી નિવાસ, રોકડ વાડી, કેરીયારોડ) તથા તપાસમાં ખુલે તે તમામ આરોપીઓએ પોતાનો સમાન ઈરાદો પાર પાડવા સારૂ કાવતરૂ ઘડી પી.એમ.ઈ.જી.પી યોજના–૨ ની ધંધા માટેની વ્યાવસાયિક લોન મેળવવા માટે અમરેલીમાં આવેલ નાગનાથ મંદીર પાસેની યુનિયન બેંક ઓફ ઈન્ડીયામાં રજુ કરવા સારૂ ખોટા દસ્તાવેજો બનાવડાવી આરોપીઓ દસ્તાવેજો ખોટા હોવાનું જાણતા હોવા છતા તે ખોટા દસ્તાવેજો ખરા તરીકે યુનિયન બેંક ઓફ ઈન્ડીયામાં રજુ કરી બેંક સાથે ઠગાઈ કરવાના ઈરાદે વિશ્વાસઘાત કરી પ્રોમેસરી નોટ આપી બેંકનુ હિત જાળવવા બંધાયેલ હોવા છતા આરોપીઓએ પોતાના આર્થિક ફાયદા માટે જે લોનને તેમને વ્યવસાયિક હેતુ માટે આપેલ તે હેતુ માટે ઉપયોગમા નહી લઈ બેન્ક સાથે આરોપીઓએ વિશ્વાસઘાત છેતરપીંડી કરી ગુન્હો કર્યાની ફરિયાદ બેન્કના જવાબદાર અધિકારીએ આઈપીસી કલમ– ૪૦૬, ૪૧૮, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી), ૩૪ મુજબ અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં નોંધાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે.એમ પરમારે આરોપી વિરલભાઈ વિઠ્ઠલભાઈ શિયાણીની અટકાયત કરેલ છે.

---

## બગસરામાં કાઠી ક્ષત્રિય સમાજે મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું



તસ્વીર : સમીર વિરાણી–બગસરા



બગસરા, તા. ૨૦

બગસરામાં કાઠી ક્ષત્રિય સમાજદ્વારામામલતદારનેઆવેદનપત્ર પાઠવ્યુંહતું.

વિગત અનુસાર આહિર સમાજનાલગ્નપ્રસંગેજાહેરસ્ટેજપરથી ચારણ ગઢવી સમાજ વિશે અપમાનજનકઅનેઅભદ્રશબ્દ બોલી ચારણ ગઢવી સમાજની બદનામી થાય તેવા શબ્દનો ઉપયોગ કરી માતાજી સોનબાઈ માં વિરૂદ્ધ અપમાનજનક ખરાબશબ્દોનોઉપયોગકરતાવિડીયો વાયરલ થયેલ હોય જે વિડિયોના લીધે કાઠીસમાજનીલાગણીદુભાયેલછેઅને ચારણગઢવીસમાજવિશેદ્રેશભાવપેદા થાય તે રીતે જાહેર મંચ પરથી ઉશ્કેરાયેલજનકભાષણકરેલહોયજેના વિરૂદ્ધમાં કાયદેસર કાર્યવાહી કરવા બગસરા કાઠી ક્ષત્રિય સમાજ દ્વારા મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યુંહતું. જેમાંઆવ્યકિતવિરૂદ્ધધાર્મિક લાગણીદુભાવવાબદલનોકેસકરવાઅને તેની સામે કાર્યવાહી કરવા માંગણી કરી હતી તેમજ આ અભદ્ર ભાષા બોલનાર વ્યકિતનેજાહેરમાંમાફીમાંગવામાંઆવે તેવીસખતકાર્યવાહીકરવાઆબગસરા કાઠી ક્ષત્રિય સમાજ દ્વારા માંગણી કરી હતી એ આવેદનપત્રમાં બગસરા તાલુકાનાકાઠીક્ષત્રિયસમાજનાયુવાનો બહોળીસંખ્યામાંજોડાયાહતા.

---

## બાબરા પાલિકા પ્રમુખ કરકર અને ઉપપ્રમુખ જસાણી દિલ્હી ખાતે ભાજપનાં રાષ્ટ્રીય અધિવેશનમાં ઉપસ્થિત રહ્યા







તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

દિલ્હી ખાતે ભાજપનું રાષ્ટ્રીય અધિવેશન યોજાયું હતું. જેમાં દેશમાંથી ભાજપના સંગઠનના અગ્રણીઓ જન પ્રતિનિધિ ઉપસ્થિત રહી સહભાગી બન્યા હતા. બાબરામાં નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર તેમજ ઉપપ્રમુખ અંકુરભાઈ જસાણી, ધારાસભ્ય જનકભાઈ તળાવીયા સાથે ભાજપના રાષ્ટ્રીય અધિવેશનમાં જોડાયા હતા. અહીં અધિવેશનમાં માર્ગદર્શન મેળવી કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવિયા, તેમજ પરશોતમ રૂપાલાની શુભેચ્છા મુલાકાત કરી બાબરા નગરપાલિકાની કામગીરી અને વિકાસની વિગતો જણાવી હતી.

## અસામાજિક તત્વોને અસામાજિક પ્રવૃત્તિઓ માટે મોકળુ મેદાન મળવું ન જોઈએ

# સાવરકુંડલામાં આંખની હોસ્પિટલની ૨૫ વીઘા પડતર જમીનનો ઉપયોગ જરૂરી

સરકાર દ્વારા વર્ષો પહેલાં માત્ર એક રૂપિયાનાં ટોકન દરથી આરોગ્ય હેતુ માટે ફાળવેલ જમીનમાં આરોગ્ય સુવિધા ઉભી કરો

જિલ્લાનાં મહેસુલી વડા, ધારાસભ્ય વિગેરેએ સ્થળ મુલાકાત લઈને જમીનનું કલ્યાણ કરવું જોઈએ

આજે જમીનનાં ભાવો આસમાને પહોંચ્યા હોય તેવા સમયે મહત્વની જમીનનો યોગ્ય ઉપયોગ જરૂરી

જયાં સુધી જમીનનો સદ્‌ઉપયોગ શરૂ ન થાય ત્યાં સુધી જમીન આસપાસ પેટ્રોલીંગ વધારવા માંગ










**(ખાસ રીપોર્ટ : પ્રતાપ ખુમાણ દ્વારા)**
સાવરકુંડલા, તા. ૨૦

સાવરકુંડલામાં હાથસણી રોડ ઉપર આવેલ આંખની હોસ્પિટલ ગ્રાઉન્ડ તરીકે જાણીતી આ ૨૫ વીઘા જેટલી વિશાળ જગ્યા કે જે વચ્છરાજભાઈ જીવાભાઈ પારેખ ચેરીટેબલ ટ્રસ્ટને ખાસ આરોગ્ય હેતુ માટે ફાળવવામાં આવેલ. ખરેખર તો જયારે કોઈ ખાસ હેતુ માટે સરકાર તરફથી રાહતદરે જમીન ફાળવવામાં આવી હોય ત્યારે તે હેતુ બે વર્ષ જેટલા સમયમાં જ સિદ્ધ થવો જોઈએ અને તમામ જમીનનો તે હેતુ માટે પૂરેપૂરો ઉપયોગ થવો જરૂરી છે. જો આ મહત્વપૂર્ણ શરતનો ભંગ થાય તો જે તે જમીન સરકાર પરત પોતાના હસ્તક ખેંચી લે છે. જયારે આ વિ.જે. પારેખ આંખની હોસ્પિટલ ટ્રસ્ટને આટલી વિશાળ ૨૫ વીઘા જેટલી જમીન ફાળ વવામાં આવી છે, તેનો કયારેય આટલા વર્ષોમાં પૂરેપૂરો ઉપયોગ થયો જ નથી અને જેટલો ઉપયોગ થતો હતો તે પણ છેલ્લા કેટલાય વર્ષોથી બંધ થઈ ગયેલ છે. એક સમયે સાવરકુંડલા શહેરના હાર્દ સમી આ આંખની હોસ્પિટલ મેનેજમેન્ટના અભાવે ઠપ્પ થઈ ગયેલ છે. એક સમયે સમગ્ર સૌરાષ્ટ્રમાંથી આંખની સારવાર માટે જરૂરિયાતમંદો અહીં ખૂબ જ મોટી સંખ્યામાં આવતા હતા જેનું કારણ હતું જે તે સમયે આ હોસ્પિટલને સંપૂર્ણ સમર્પિત મૂળ જીકાકાનું સચોટ મેનેજમેન્ટ.

આ ઉપરાંત સાવરકુંડલાના ખાદીધારી સિંહ ગણાતા લલ્લુભાઈ શેઠની પણ હાજરી હતી. જેને કારણે આ હોસ્પિટલ જેવી અનેક જાહેર સેવા ક્ષેત્રની સંસ્થાઓ સાવરકુંડલામાં ધમધમતી હતી. પરંતુ અફસોસ આ બધા સેવાધારી મહાનુભાવો એક પછી એક આ ફાની દુનિયા છોડી ચાલ્યા જવાથી જેમના હસ્તક આ બધી સંસ્થાઓનો વહીવટ આવ્યો તે તમામના ગેરવહીવટને કારણે કંઈ કેટલીય સંસ્થાઓ ભૂતકાળ બની ગઈ અને ભેકાર ખંડેરમાં ફેરવાઈ ગઈ. હવે જયારે શહેરમાં રહેણાંક વિસ્તારમાં હાથસણી રોડ ઉપર જે જગ્યાએ આ ૨૫ વીઘા જેટલી વિશાળ જમીન આવેલ છે તેની ફરતે કેટલાય કિલોમીટર એરિયામાં સોસાયટીઓ વસી ગઈ છે. ત્યારે હેતુ ભંગ બદલ કલેકટર દ્વારા આ તમામ જમીન સરકાર હસ્તક લઈ લેવી જોઈએ અને આ તમામ જમીનમાં જો ગરીબ, સામાન્ય, સાધારણ, ગરીબ, મજુર વર્ગના આર્થિક પછાત લોકો માટે રહેણાંક પ્લોટો બનાવી ફાળવવામાં આવે તો સેંકડોની સંખ્યામાં ઘર વિહોણા લોકોને ઘરની છત મળી રહેશે અને એક જબરદસ્ત સેવાનું કાર્ય થશે. આ ઉપરાંત બરાબર વચ્ચે ૨૫ વીઘા જેટલી પડતર જમીનને કારણે આસપાસના સોસાયટીઓના રહેવાસીઓને દરરોજ ખૂબ ફરી ફરીને આવવું જવું પડે છે જેને કારણે સમય અને પેટ્રોલ–ડીઝલનો પણ વ્યય થાય છે. આ જમીનમાં રહેણાંકના પ્લોટિંગ થાય તો લાગુ પડતા રસ્તાઓ પણ તેમાંથી નીકળી શકે જેથી આસપાસની સોસાયટીઓના લોકોને આવવા જવામાં ખૂબ જ રાહત થઈ શકે.

હાલમાં આટલી વિશાળ જમીન દેખરેખના અભાવે રાત્રે અસામાજિક તત્વોને ગેરકાનૂની પ્રવૃત્તિઓ કરવા માટેનું ખુલ્લું મોકળું મેદાન બની ગયું છે. બે રોકટોક દારૂ, જુગાર, અનૈતિક પ્રવૃત્તિનું ધામ એટલે આંખની હોસ્પિટલ ગ્રાઉન્ડ એવું કહેવાય છે. ૨૫ વીઘા જમીનની ફરતે આવેલ કમ્પાઉન્ડ વોલમાં ઠેક ઠેકાણે છીંડા હોવાથી મુખ્ય ગેટ બંધ હોવા છતાં ચારે તરફથી ગમે ત્યાંથી પ્રવેશ કરી શકાય તેવું હોવાથી ખાળે ડૂચા અને દરવાજા મોકળા એવી હાલત થઈ છે.

શહેર પોલીસ દ્વારા પણ નિયમિત રીતે પેટ્રોલિંગ વધારી બપોર વચ્ચે અને મોડી રાત્રે ખાસ આ ગ્રાઉન્ડમાં ખૂણે ખાંચરે ખાનગી ડ્રેસમાં ઓચિંતા તપાસ કરવામાં આવે તો આવા તત્વોમાં ડર બેસી શકે. અમરેલી જિલ્લા કલેકટર દ્વારા હેતુ ભંગ બદલ અત્યંત રાહતદરે આરોગ્ય હેતુ માટે આપવામાં આવેલ આટલી આ વિશાળ જમીન સરકાર હસ્તક લઈ માનવ સેવાના કાર્યના ઉપયોગમાં લેવાય તેવું આયોજન કરવું જરૂરી બની ગયેલ છે. આ બાબતે સ્થાનિક ધારાસભ્ય અને અમરેલી સાંસદ પણ અંગત રસ લઈ લોક ઉપયોગી હેતુ માટે આ તમામ જમીનનો સદુપયોગ થાય તેવા પ્રયત્નો તાત્કાલિક હાથ ધરે તે ઈચ્છનીય છે.

## સાવરકુંડલા પ્રવાસી આર્ટ ટીચર દ્વારા પીઠોરા આર્ટ ગેલેરીનું આયોજન



**(પ્રતાપ ખુમાણ દ્વારા)**
સાવરકુંડલા, તા. ૨૦

છોટાઉદેપુર જિલ્લામાં વસતા રાઠવા આદિવાસીઓમાં પીઠોરા દેવતાને માન્યતા આપવામાં આવે છે. રાઠવા આદિવાસીઓ તેમના ઘરની દિવાલ પર પીઠોરા ચિત્રો કરી દેવતાઓનું આહ્વાન કરતા હોય છે અને વાર–તહેવારે પીઠોરા દેવની પૂજા કરતા હોય છે. પીઠોરા ચિત્રોની આગવી કળાને બાળકો–વિદ્યાર્થીઓ જાણે અને શીખે એ માટે મૂળગામ મોતીશ્રી, તાલુકો પાલીતાણા કુષ્ણકુમારસિંહજી ગોહિલ કે જેઓ સાવરકુંડલા શહેર અને તાલુકામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં પ્રવાસી શિક્ષક તરીકે સેવા બજાવે છે તેઓ દ્વારાં સાવરકુંડલા ખાતે છેલ્લા ત્રણ મહિનાથી પીઠોરા ચિત્રો બાળકો–વિદ્યાર્થીઓ ને શિખવાડવામા આવી રહ્યા છે. તેમજ કુષ્ણકુમારસિંહજી ગોહિલ કે જેઓનો અભ્યાસ એમ.એ.બી.એડ. સુધીનો છે તેમના દ્વારાં પીઠોરા આર્ટ ગેલેરીનુ આયોજન કરવામાં આવ્યુ હતું. જેમા બાળકો–વિદ્યાર્થીઓ પીઠોરા ચિત્રો વિશે જાણે, પીઠોરા ચિત્રો શીખે અને પોતાની સર્જનાત્મક શકિઓનો વિકસા થાય તે હેતુથી આ આર્ટ ગેલેરી નું આયોજન કરવામાં આવ્યુ હતું.
















### ચંડીગઢ મેયરની ચૂંટણી પર સુપ્રીમ કોર્ટનો ઐતિહાસિક ચુકાદો

# આઠ બેલેટ પેપર માન્ય ગણી આપના કુલદીપ કુમારને ચંડીગઢના મેયર જાહેર કરાયા

### સુપ્રીમ કોર્ટે રિટર્નિંગ ઓફિસર અનિલ મસીહને અવમાનનાની નોટિસ ફટકારીને તેનો જવાબ માગ્યો, સીઆરપીસી ૩૪૦ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે

નવી દિલ્હી, તા.૨૦

સુપ્રીમ કોર્ટે ચંડીગઢ મેયરની ચૂંટણી પર ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડની આગેવાની હેઠળની ત્રણ સભ્યોની બેન્ચે આદેશ આપ્યો છે કે મેયરની ચૂંટણીમાં અમાન્ય જાહેર કરાયેલા આઠ બેલેટ પેપર માન્ય ગણવામાં આવશે. જે બાદ આમ આદમી પાર્ટીના કુલદીપ કુમારને મેયર જાહેર કરવામાં આવ્યા હતા.

મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડની આગેવાની હેઠળની બેંચે ચંડીગઢ મેયરની ચૂંટણીમાં ગેરરીતિઓના મામલાની સુનાવણી કરી. આ દરમિયાન, સુપ્રીમ કોર્ટ તરફથી બોલાવેલા વકીલોને આઠ ગેરકાયદેસર બેલેટ પેપર બતાવ્યા અને તેમની તપાસ કરી. કોર્ટે સ્વીકાર્યું છે કે આ આઠ મત ગેરકાયદે નથી, પરંતુ માન્ય છે. તેથી આ આઠ મતોની પણ ગણતરી કરવામાં આવશે.

સુપ્રીમ કોર્ટે રિટર્નિંગ ઓફિસર અનિલ મસીહને અવમાનનાની નોટિસ ફટકારીને તેનો જવાબ માગ્યો છે. કોર્ટે કહ્યું કે, 'ચૂંટણી અધિકારીએ અહીં ખોટી માહિતી આપી. તેથી તેને અવમાનના દોષી ઠેરવામાં આવે છે અને તેની સામે સીઆરપીસી ૩૪૦ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે'સુપ્રીમ કોર્ટમાં સોમવારે થયેલી સુનાવણીમાં રિટર્નિંગ ઓફિસરે અનિલ મસીહે કબૂલાત કરી હતી કે તેણે જ બેલેટ પેપર પર ક્રોસના નિશાન લગાવ્યા હતા. રિટર્નિંગ ઓફિસરની પૂછપરછ કર્યા બાદ કોર્ટે મતગણતરીનો વીડિયો અને ચૂંટણી સંબંધિત દસ્તાવેજો મગાવ્યા હતા, જે કોર્ટ રૂમમાં પહોંચ્યા હતા. રિટર્નિંગ ઓફિસરના વીડિયો અને બેલેટ પેપર પણ કોર્ટ રૂમમાં જમા કરાવવામાં આવ્યા હતા.

ચંડીગઢ મેયરની ચૂંટણીમાં બીજેપીના મનોજ સોનકરે ૧૬ મતથી જીત મેળવી હતી. તેમણે આમ આદમી પાર્ટી-કોંગ્રેસ ગઠબંધનના ઉમેદવાર કુલદીપ કુમારને હરાવ્યા, જેમને ૧૨ મત મળ્યા હતા. રિટર્નિંગ ઓફિસર અનિલ મસીહે ગઠબંધનના ભાગીદારોના આઠ મત અમાન્ય જાહેર કરતાં આ મામલે વિવાદ સર્જાયો હતો. જે બાદ બેલેટ પેપરમાં છેડછાડના આક્ષેપો થવા લાગ્યા હતા.

ચંડીગઢ મેયરની ચૂંટણી પછી એક વીડિયો વાયરલ થયો હતો જેમાં રિટર્નિંગ ઓફિસરે અનિલ મસીહેને આપ કાઉન્સિલરો માટે પડેલા બેલેટ પેપર પર ક્રોસના નિશાન કરતા જોવા મળ્યા હતા. સુપ્રીમ કોર્ટે ૫મી ફેબ્રુઆરીએ સુનાવણી દરમિયાન આ ઘટનાની નિંદા કરી હતી અને લોકશાહીની મજાક ગણાવી હતી.

### રાજ્યસભાની ચૂંટણીના પરિણામ જાહેર

# સોનિયા રાજસ્થાનથી, જેપી નડ્ડા ગુજરાતથી બિનહરિફ ચૂંટાયા

### લોકસભામાં છ કાર્યકાળ પૂરા કર્યા બાદ ઉપલા ગૃહમાં સોનિયાનો આ પ્રથમ પ્રસંગ

નવી દિલ્હી, તા.૨૦

કોંગ્રેસ નેતા સોનિયા ગાંધી રાજસ્થાનથી રાજયસભા માટે બિનહરીફ ચૂંટાયા હતા. એક અધિકારીના હવાલાથી અહેવાલમાં જણાવાયું છે કે રાજસ્થાનમાંથી સોનિયા ગાંધી ઉપરાંત ભાજપના ચુન્નીલાલ ગરાસિયા અને મદન રાઠોડ રાજ્યમાંથી ઉચ્ચ ગૃહમાં બિનહરીફ ચૂંટાયા છે.

વિધાનસભા સચિવ મહાવીર પ્રસાદ શર્માને ટાંકીને જણાવાયું કે મંગળવારે નામાંકન પરત ખેંચવાનો છેલ્લો દિવસ હતો. અન્ય કોઈ ઉમેદવાર ચૂંટણી લડતો ન હોવાથી ત્રણેય નેતાઓ રાજયસભામાં બિનહરીફ ચૂંટાયા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું. આપને જણાવી દઈએ કે લોકસભામાં છ કાર્યકાળ પૂરા કર્યા બાદ ઉપલા ગૃહમાં સોનિયાનો આ પ્રથમ પ્રસંગ છે.

આ સાથે ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડા અને પાર્ટીના અન્ય ત્રણ ઉમેદવારોને મંગળવારે ગુજરાતમાંથી રાજયસભા માટે બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા. રાજ્યમાં રાજયસભાની ચાર બેઠકો ખાલી હતી અને સત્તાધારી ભાજપના તમામ ઉમેદવારોએ ઉમેદવારી પત્રો ભર્યા હતા. ગુજરાતમાંથી રાજયસભાની ચૂંટણી માટે ખાલી પડેલી ચાર બેઠકો પર અન્ય કોઈ ઉમેદવારે ઉમેદવારી પત્ર ભર્યું ન હોવાથી, રિટર્નિંગ ઓફિસર રીટા મહેતાએ નડ્ડા સહિત ભાજપના ચારેય ઉમેદવારોને સંસદના ઉપલા ગૃહમાં બિનહરીફ ચૂંટાયેલા જાહેર કર્યા હતા, એમ એક અધિકારીએ જણાવ્યું હતું. નડ્ડા ઉપરાંત રાજયસભામાં બિનહરીફ ચૂંટાયેલા અન્ય ત્રણ ઉમેદવારોમાં હીરાના વેપારી ગોવિંદભાઈ ધોળકિયા, ભાજપના નેતા જસવંતસિંહ પરમાર અને મયંક નાયકનો સમાવેશ થાય છે.

મધ્યપ્રદેશમાંથી ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા છે. જેમાં ભાજપના એલ મુરુગન, ઉમેશ નાથ મહારાજ, માયા નરોલિયા, બંશીલાલ ગુર્જરનું નામ સામેલ છે. સાથે જ કોંગ્રેસના અશોક સિંહને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા છે.રાજ્યસભાના સભ્યો મનમોહન સિંહ (કોંગ્રેસ) અને ભૂપેન્દ્ર યાદવ (ભાજપ)નો કાર્યકાળ ૩ એપ્રિલે પૂરો થઈ રહ્યો છે. ત્રીજી બેઠક ભાજપના સાંસદ કિરોરી લાલ મીનાએ ધારાસભ્ય તરીકે ચૂંટાયા બાદ ડિસેમ્બરમાં ગૃહમાંથી રાજીનામું આપ્યા બાદ ખાલી પડી હતી. ૨૦૦ સભ્યોની વિધાનસભામાં ભાજપના ૧૧૫ અને કોંગ્રેસના ૭૦ સભ્યો છે. રાજસ્થાનમાં રાજ્યસભાની ૧૦ બેઠકો છે. પરિણામો બાદ કોંગ્રેસ પાસે છ અને ભાજપ પાસે ચાર સભ્યો છે.

### ખાનગી બેંકોના શેરમાં ઉછાળો જોવા મળ્યો

# નિફ્ટીએ ૯૨ પોઈન્ટના ઊછાળા સાથે ૨૨૨૦૪ની ઐતિહાસિક સપાટી બનાવી

### સેન્સેક્સમાં ૩૮૫ પોઈન્ટનો ઊછાળો, પાવર ગ્રીડ, એચડીએફસી બેંક, એક્સિસ બેંક અને એનટીપીસી ટોપ ગેઈનર્સ

મુંબઈ, તા.૨૦

શેરબજારનો કારોબાર મંગળવારે સારી નોંધ પર સમાપ્ત થયો. બીએસઈ સેન્સેક્સ ૩૮૫ પોઈન્ટના વધારા સાથે ૭૩૦૫૭ પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો જ્યારે નિફ્ટીએ ૯૨ પોઈન્ટના વધારા સાથે ૨૨૨૦૪ પોઈન્ટની નવી ટોચ બનાવી હતી. શેરબજારની કામગીરીમાં નિફ્ટી મિડ કેપ સો, બીએસઈ સ્મોલ કેપ, નિફ્ટી આઈટી ઈન્ડેક્સમાં નબળાઈ નોંધાઈ હતી. આ સાથે નિફ્ટી ઓટો, નિફ્ટી ફાર્મા અને નિફ્ટી એફએમસીજી ઈન્ડેક્સ પણ નબળાઈ પર બંધ થયા છે. નિફ્ટી બેંક અને નિફ્ટી ફાઈનાન્સિયલ સર્વિસિસના સૂચકાંકોમાં વધારો નોંધાયો હતો. મંગળવારે શેરબજારના ટોપ ગેઈનર્સ વિશે વાત કરીએ તો, તેમાં પાવર ગ્રીડ, એચડીએફસી બેંક, એક્સિસ બેંક અને એનટીપીસીનો સમાવેશ થાય છે, જ્યારે ટોપ લુઝર્સમાં ટીસીએસ, એચસીએલ, એચસીએલ ટેક, ઈન્ફોસિસ અને બજાજ ફિનસર્વના શેરનો સમાવેશ થાય છે.

મંગળવારે શેરબજારના કામકાજમાં સારી ગતિ નોંધાઈ હતી. જો મલ્ટિબેગર રિટર્ન આપતી કંપનીઓ વિશે વાત કરીએ તો પટેલ એન્જિનિયરિંગ, બ્રાન્ડ કોન્સેપ્ટ, કામધેનુ લિમિટેડ, જિયો ફાઈનાન્શિયલ, એચડીએફસી બેંક, એક્સિસ બેંક, કોટક મહિન્દ્રા બેંક, યુનિપાર્ટ્સ, આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ લાઈફ, નેસ્લે, ઓએનજીસી, ગ્લોબસ સ્પિરિટ અને લાર્સન એન્ડ ટુબ્રોના શેરો. દેવયાની ઈન્ટરનેશનલ, એશિયન પેઈન્ટ્સ, આઈસીઆઈસીઆઈ બેંક, એચડીએફસી લાઈફ અને મહિન્દ્રા મહિન્દ્રાના શેરમાં સારો ઉછાળો નોંધાયો હતો.

મંગળવારે સ્ટોવ ક્રાફ્ટ, ઓમ ઈન્ફ્રા, ટાટા સ્ટીલ, ટાટા મોટર્સ, એક્સાઈડ ઈન્ડસ્ટ્રીઝ, એનએમડીસી, એન્જિનિયર્સ ઈન્ડિયા અને ઊર્જા ગ્લોબલના શેરમાં નબળાઈ નોંધાઈ હતી.

મંગળવારે ગૌતમ અદાણી ગ્રૂપની ૧૦ લિસ્ટેડ કંપનીઓમાંથી ૬ના શેર નબળાઈ પર બંધ થયા હતા. અદાણી વિલ્મરના શેરમાં એક ટકાનો ઉછાળો નોંધાયો હતો જ્યારે એસીસી, અંબુજા સિમેન્ટ અને અદાણી ટોટલ ગેસ નજીવો વધીને બંધ થયા હતા.

મંગળવારે બજાજ ફાઈનાન્સ, આઈઆરસીટીસીના શેરમાં પણ વધારો નોંધાયો હતો, જ્યારે રિલાયન્સ, મારુતિ સુઝુકી, ઈન્ફોસિસ, મુથુટ ફાઈનાન્સ, પતંજલિ ફૂડ્સ અને ફેડરલ બેંકના શેર પણ નબળાઈ પર બંધ થયા હતા.

### નવી રાષ્ટ્રીય શિક્ષણ નિતીનો અમલ લાગુ

# રાજયમાં ધો.૯ અને ૧૦ માં વૈદિક ગણિતનો અમલ શરૂ કરી દેવાયો

### આ માટે રાજ્યની ૪૪૯ જેટલી શાળાઓમાં પુસ્તકો પણ મોકલી આપવામાં આવ્યા છે

ગાંધીનગર, તા.૨૦

ભારત સરકાર દ્વારા દેશભરમાં નવી રાષ્ટ્રિય શિક્ષણ નીતિઓને લાગુ કરવામાં આવી રહી છે. રાષ્ટ્રીય શિક્ષણ નિતી: ૨૦૨૦ અન્વયે ધોરણ-૯ અને ધોરણ-૧૦ માં વૈદિક ગણિતનો અમલ: ૪૪૯ શાળાઓમાં પુસ્તકો મોકલી દેવાયા છે હોવાનું સરકારે જણાવ્યું છે. આ મુદ્દે રાજ્ય શિક્ષણ મંત્રી કુબેરભાઇ ડિંડોરે જણાવ્યું છે કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતી ૨૦૨૦ અન્વયે રાજ્યમાં ધોરણ ૯ અને ધોરણ ૧૦ માં વૈદિક ગણિતનો અમલ શરૂ કરી દેવાયો છે. આ માટે રાજ્યની ૪૪૯ જેટલી શાળાઓમાં પુસ્તકો પણ મોકલી આપવામાં આવ્યા છે.વિધાનસભા ખાતે રાષ્ટ્રીય શિક્ષણ નિતી ૨૦૨૦ અંગેના પ્રશ્નના પ્રત્યુતરમાં મંત્રીએ ઉમેર્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૩૫ વર્ષ બાદ નવી રાષ્ટ્રીય શિક્ષણ નિતીનો અમલ કરવામાં આવી રહ્યો છે. જેમાં ભારતીય જ્ઞાન પરંપરાને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

આ માટે વિદ્યાર્થીઓમાં ભણતરની સાથે સાથે ઘડતરના મૂલ્યો કેળવાય એ માટેના પ્રયત્નો હાથ ધરાયા છે. તાજેતરમાં ધોરણ ૧૦ થી ૧૨ માં ગીતાના મૂલ્યો મળે એ માટેનો અભ્યાસક્રમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તેમણે ઉમેર્યું કે, રાષ્ટ્રીય શિક્ષણ નિતીના અમલથી રાજ્યમાં શિક્ષણ વ્યવસ્થાઓમાં પણ બદલાવ કર્યો છે અને શાળાકીય માળખામાં પણ ફેરફાર કર્યો છે.

### રાજ્યસભામાં ગુજરાત કોંગ્રેસના માત્ર ૧ જ સાંસદ

# રાજયસભામાં ભાજપના ચાર ઉમેદવાર બિનહરીફ વિજેતા થયા

### અપક્ષ ઉમેદવારનું ફોર્મ રદ થયું હતું તેથી ભાજપના ચારેય ઉમેદવાર બિનહરીફ જાહેર થયા છે

ગાંધીનગર, તા.૨૦

ગુજરાતમાંથી રાજયસભામાં ભાજપના ચારેય ઉમેદવાર બિનહરીફ વિજેતા થયા છે. જેની સત્તાવાર રીતે જાહેરાત કરવામાં આવી છે. ભાજપના જે.પી.નડ્ડા, ગોવિંદ ધોળકિયા, મયંક નાયક, જશવંત સિંહ પરમાર બિનહરીફ વિજેતા જાહેર થયા છે. ત્યારે રાજયસભામાં ભાજપના વધુ ચાર ઉમેદવાર સાંસદ બનશે. તો આ સાથે રાજયસભામાં ગુજરાત ભાજપનું પ્રતિનિધિત્વ વધશે.

ભાજપના ૪ સાસંદો બિનહરીફ થતાં રાજયસભામાં ગુજરાતના ૧૧ સાંસદોમાંથી ૧૦ સાંસદ ભાજપના જ હશે. તો કોંગ્રેસમાંથી માત્ર એક જ સાંસદ હશે. ધારાસભ્યોનું સંખ્યાબળ ન હોવાથી કોંગ્રેસે ઉમેદવાર ઉભા રાખ્યા નહોતા. તો સમર્થન ન મળતા અપક્ષ ઉમેદવારનું ફોર્મ રદ થયું હતું. તેથી ભાજપના ચારેય ઉમેદવાર બિનહરીફ જાહેર થયા છે.

### આંધ્રપ્રદેશની ચાર માસની બાળકીએ બધાને ચોંકાવી દીધા

# ચાર માસની બાળકી ૧૨૦ અલગ-અલગ વસ્તુઓને ઓળખી શકે છે

### આંધ્રપ્રદેશના રહેવાસી કૈવલ્યાનું નામ તાજેતરમાં નોબલ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાયું

નવી મુંબઈ, તા.૨૦

દુનિયામાં ઘણી વસ્તુઓ એવી ઘટતી હોય છે જેના પર વિશ્વાસ ના આવે. અલગ અલગ લોકો પાસે કંઈને કંઈક ટેલેન્ટ તો હોય જ છે ઉંમર પ્રમાણે તે બહાર આવતુ હોય છે. ત્યારે આંધ્રપ્રદેશની માત્ર ૪ મહિનાની બાળકી કૈવલ્યાએ પોતાની આવડતથી બધાને ચોંકાવી દીધા છે.

આંધ્રપ્રદેશના રહેવાસી કૈવલ્યાનું નામ તાજેતરમાં નોબલ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાયું છે. તમને સવાલ થશે કે માત્ર ૪ વર્ષની આ બાળકીએ એવુ શું કરી દીધુ કે તેનું નામ નોબલ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાઈ ગયુ. આંધ્રપ્રદેશના રહેવાસી રમેશ અને હેમાની દીકરી કૈવલ્યામાં ખાસ ટેલેન્ટ છે. તેને માત્ર ૪ મહિનાની ઉંમરે, ૧૨૦ અલગ-અલગ વસ્તુઓને ઓળખી શકે છે. માત્ર ૪ મહિનાની ઉંમરે શાકભાજી, ચિત્રો, પ્રાણીઓ અને પક્ષીઓ સહિત ૧૨૦ વસ્તુઓને પોતાની દ્રષ્ટિથી ઓળખી બતાવે છે. આ ટેલેન્ટને કારણે તેની સર્વત્ર પ્રશંસા થઈ રહી છે. કૈવલ્યની માતા હેમાએ સૌ પ્રથમ તેમની પુત્રીની આ પ્રતિભાને ઓળખી હતી. તેમણે વિચાર્યું કે કેમ ન કૈવલ્યનો વિડિયો બનાવીને દુનિયાને મોકલવો. હેમાએ આ વીડિયો નોબલ વર્લ્ડ રેકોર્ડને મોકલ્યો છે. નોબલ વર્લ્ડ રેકોર્ડ્સે કૈવલ્યાની પ્રતિભાની તપાસ કરી અને તેનું નામ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાવ્યું.

કૈવલ્યને નોબલ વર્લ્ડ રેકોર્ડ દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવ્યું છે. કૈવલ્યએ આ રેકોર્ડ ૩ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ બનાવ્યો હતો. કૈવલ્યને '૧૦૦ ફ્લેશકાર્ડ ઓળખનાર વિશ્વનું પ્રથમ ચાર મહિનાનું બાળક' તરીકે વર્ણવવામાં આવ્યું હતું.

કૈવલ્યાનો એક વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.આ વીડિયોમાં તે ૧૨૦ ફ્લેશકાર્ડ ઓળખતી જોવા મળે છે. આ ફ્લેશકાર્ડમાં ૧૨ ફૂલો, ૨૭ શાકભાજી, ૨૭ ફળો, ૨૭ પ્રાણીઓ અને ૨૭ પક્ષીઓ છે. આ વીડિયોમાં કૈવલ્યા અને તેનો પરિવાર મેડલ સાથે જોવા મળી રહ્યો છે. પરિવારના સભ્યોનું કહેવું છે કે બાળકીની આ પ્રતિભા જોઈને શરૂઆતમાં નોબેલ વર્લ્ડ રેકોર્ડના લોકો પણ અન્યોની જેમ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. બાદમાં, તેમણે બાળકીની પ્રતિભાની ચકાસણી કરી જે બાદ કૈવલ્યાનું નામ વર્લ્ડ રેકોર્ડમાં સામેલ કરવાનું નક્કી કર્યું. કૈવલ્યની માતાને આશા છે કે, તેમના બાળકીની સ્ટોરી અન્ય માતા-પિતાને તેમના બાળકની પ્રતિભાને ઓળખવા અને તેને ઉજવણી કરવા પ્રેરણા આપશે.

# વર્ગ- ૧ અને વર્ગ ૨ની ૪૭૩ જેટલી જગ્યાઓ સીધી ભરતીથી સત્વરે ભરાશે- શિક્ષણમંત્રી કુબેર ડીંડોર

ગાંધીનગર, તા.૨૦

રાજ્ય શિક્ષણ સેવા વર્ગ ૧ અને વર્ગ ૨ની ૪૭૩ જેટલી ખાલી પડેલી જગ્યાઓ સીધી ભરતીથી કે બઢતીથી નિયમોનુસાર સત્વરે ભરવામાં આવશે. રાજ્યના શિક્ષણ મંત્રી કુબેર ડીંડોરે આ જાણકારી આપતા જણાવ્યુ કે રાજ્ય શિક્ષણ સેવા વર્ગ ૧ અને ૨માં ૬૪૯ જગ્યાઓ ભરાયેલી છે અને બાકીની વયનિવૃતિ, સ્વૈચ્છિક નિવૃતિ અને બઢતીના કારણોસર ખાલી પડેલી જગ્યાઓ સત્વરે ભરવામાં આવશે.

રાજ્યના શિક્ષણમંત્રી કુબેર ડીંડોરે આજે ગુજરાત વિધાનસભામાં એક પ્રશ્નના જવાબમાં જાણકારી આપી કે રાજયમાં ૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૧ અને વર્ગ-૨ ની ૧૧૨૨ જગ્યાઓ મંજુર થયેલી છે. જે પૈકી ૬૪૯ જગ્યાઓ ભરાયેલી છે. જ્યારે બાકીની વયનિવૃતિ, સ્વૈચ્છિક નિવૃતિ અને બઢતીના કારણોસર ખાલી પડેલી ૪૭૩ જગ્યાઓ સત્વરે ભરવામાં આવશે. આ ખાલી પડેલી જગ્યાઓ સીધી ભરતીથી અને બઢતીથી ભરવાની થતી હોવાથી નિયમોનુસાર કાર્યવાહી કરીને બનતી ત્વરાએ આ કાર્યવાહી પૂર્ણ કરાશે તેમ કુબેર ડીંડોરે જણાવ્યુ હતુ.

### બોર્ડની પરીક્ષાઓની પેટર્નમાં ફેરફાર કરવાની તૈયારી

# ૨૦૨૫-૨૬થી ધો-૧૦-૧૨ બોર્ડની પરીક્ષા વર્ષમાં બે વાર આપી શકાશે

### કેન્દ્ર સરકારના આ પગલાથી વિદ્યાર્થીઓને સારા ગુણ મેળવવાની તક મળશે

નવી મુંબઈ, તા.૨૦

ધોરણ ૧૦ અને ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષાને લઈને સૌથી વધુ ચિંતિત રહેતા હોય છે. આ તણાવને ઓછો કરવા માટે કેન્દ્ર સરકાર બોર્ડની પરીક્ષાઓની પેટર્નમાં ફેરફાર કરવાની તૈયારી કરી રહી છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ મુજબ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા હવે વર્ષમાં બે વાર આપી શકશે. કેન્દ્ર સરકારના આ પગલાથી વિદ્યાર્થીઓને સારા ગુણ મેળવવાની તક મળશે. કેન્દ્રીય શિક્ષણ મંત્રીએ આ અંગે માહિતી આપી હતી.

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને સોમવારે આ અંગેની માહિતી આપતા કહ્યું હતું કે, શૈક્ષણિક સત્ર ૨૦૨૫-૨૬થી, વિદ્યાર્થીઓને વર્ષમાં બે વાર ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા આપવાનો વિકલ્પ મળશે. આ ઉપરાંત તેમણે વધુમાં જણાવ્યું હતું કે આનો હેતુ શૈક્ષણિક તણાવ ઘટાડવા અને ૨૦૨૦માં શરૂ કરવામાં આવેલી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (એનઈપી)માં આપવામાં આવેલા ઉદ્દેશ્યોને પૂર્ણ કરવાનો છે. ઉલ્લેખનીય છે કે એનઈપી ૨૦૨૦ દ્વિવાર્ષિક બોર્ડ પરીક્ષાઓની પરિકલ્પના કરે છે જેથી વિદ્યાર્થીઓને શૈક્ષણિક રીતે ઉત્કૃષ્ટ થવાની પૂરતી તકો પૂરી પાડવામાં આવશે. રાયપુરના પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઓડિટોરિયમમાં આયોજિત કાર્યક્રમ દરમિયાન, શિક્ષણ મંત્રીએ વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો હતો. આ દરમિયાન તેમણે કહ્યું હતું કે, 'એનઈપી દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું વિઝન વિદ્યાર્થીઓને તણાવમુક્ત રાખવાનું, તેમને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવાનું, વિદ્યાર્થીઓને સંસ્કૃતિ સાથે જોડાયેલા રાખવા અને ભવિષ્ય માટે તૈયાર કરવાનું છે. આ ભારતને ૨૦૪૭ સુધીમાં વિકસિત દેશ બનાવવાનું એક સૂત્ર છે.'

છત્તીસગઢમાં પ્રધાને જણાવ્યું હતું કે, યોજનાના પ્રથમ તબક્કા હેઠળ, રાજ્યની ૨૧૧ શાળાઓને ૨ કરોડ ખર્ચીને 'હબ એન્ડ સ્પોક' મોડલ પર અપગ્રેડ કરવામાં આવશે.

### વિપક્ષોનું ઈન્ડિયા ગઠબંધન વિખેરાઈ ગયું

# સમાજવાદી પક્ષ ઈન્ડિયા ગઠબંધનથી અલગ થઈને યુપીમાં ચૂંટણી લડશે

### સપા તરફથી કોંગ્રેસને કુલ ૧૭ બેઠકો ઓફર કરાઈ હતી, પરંતુ કોંગ્રેસ ૨૦થી ઓછી બેઠકો પર કોઈ પણ સંજોગોમાં વાત કરવા માટે તૈયાર ન હતી

લખનઉ, તા.૨૦

ઉત્તર પ્રદેશમાં તમામ પ્રયાસો બાદ પણ હવે ઈન્ડિયા ગઠબંધન વિખેરાઈ ચૂક્યું છે. કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી વચ્ચે બેઠકો પર વાત નથી બની શકી. ત્યારબાદ હવે સપા ઈન્ડિયા ગઠબંધનથી અલગ થઈને ચૂંટણી લડશે. સૂત્રોના જણાવ્યાનુસાર, બંને પાર્ટી રાજ્યની તમામ બેઠકો પર ચૂંટણી લડશે.

ગત લાંબા સમયથી સપા અને કોંગ્રેસ વચ્ચે બેઠકોને લઈને વાતચીત ચાલી રહી હતી. પરંતુ અંતમાં બંને પાર્ટીઓ વચ્ચે વાત ન બની શકી. સૂત્રોના અનુસાર, સપા તરફથી કોંગ્રેસને કુલ ૧૭ બેઠકો ઓફર કરાઈ હતી, પરંતુ કોંગ્રેસ ૨૦થી ઓછી બેઠકો પર કોઈ પણ સંજોગોમાં વાત કરવા માટે તૈયાર ન હતી. તેના માટે કોંગ્રેસ તરફથી સપાને વધુ એક યાદી અપાઈ હતી.

સૂત્રોના અનુસાર, સપા તરફથી કરાયેલી ઓફરમાં અમેઠી, રાયબરેલી, વારાણસી, અમરોહા, બાગપત, સહારનપુર, ગૌતમ બુદ્ધ નગર, ગાઝિયાબાદ, બુલંદશહેર, ફતેહપુર સીકરી, હાથરસ, ઝાંસી, બારાબંકી, કાનપુર, સીતાપુર, કૈસરગંજ અને મહારાજગંજ બેઠક સામેલ હતી, પરંતુ કેટલીક બેઠકો પણ હતી, જેને લઈને બંને પાર્ટીઓ વચ્ચે મતભેદ ચાલી રહ્યો હતો. જો કે ગત દિવસોમાં જ્યારે સપાએ પોતાના ઉમેદવારોની પહેલી યાદી જાહેર કરી હતી, તે સમયે પાર્ટી તરફથી કેટલીક એવી બેઠકો પર ઉમેદવારોનું એલાન કરી દેવાયું હતું, જેના પર કોંગ્રેસને વાંધો હતો. પાર્ટી તરફથી કેટલાક નેતાઓ દ્વારા અપાયેલા નિવેદનોમાં તેના સંકેત પણ મળ્યા હતા.

કોંગ્રેસથી અલગ થતા જ અખિલેશ યાદવને મોટો ઝટકો લાગ્યો છે. પૂર્વ મંત્રી સ્વામી પ્રસાદ મૌર્યએ સપાથી પણ પોતાનું રાજીનામું ધરી દીધું છે. આ સિવાય તેમણે વિધાનસભાની બેઠકથી પણ રાજીનામું આપી દીધું છે.

### અખિલેશના ઈન્ડિયા ગઠબંધન સાથે રહેવા અંગે સવાલ

# અખિલેશ ભારત ન્યાય જોડો યાત્રામાં નહીં જોડાય

### કોંગ્રેસે ઈન્ડિયાગઠબંધન હેઠળ ૧૭ બેઠકો પર ચૂંટણી લડવાના સમાજવાદી પાર્ટીના પ્રસ્તાવ પર કોઈ જવાબ ન મોકલતા મામલો ગુંચવાયો

લખનઉ, તા.૨૦

ઉત્તર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને સપાના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવ રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય યાત્રામાં સામેલ થશે નહીં. આવી સ્થિતિમાં સવાલો ઉભા થઈ રહ્યા છે કે શું અખિલેશ યાદવે પણ ઈન્ડિયાગઠબંધનનો સાથ છોડી દીધો છે. કોંગ્રેસે સોમવારે ઈન્ડિયાગઠબંધન હેઠળ ૧૭ બેઠકો પર ચૂંટણી લડવાના સમાજવાદી પાર્ટી (એસપી)ના પ્રસ્તાવ પર કોઈ જવાબ મોકલ્યો ન હતો. અખિલેશે સોમવારે પત્રકારોના સવાલોના જવાબમાં કહ્યું કે જ્યાં સુધી સીટોની વહેંચણી નહીં થાય ત્યાં સુધી સપા તેમની ન્યાય યાત્રામાં ભાગ લેશે નહીં. અગાઉ અખિલેશ રાયબરેલીમાં યાત્રામાં સામેલ થવાના હતા. સૂત્રોના જણાવ્યાનુસાર સપાએ અમેઠી, રાયબરેલી, બારાબંકી, સીતાપુર, કૈસરગંજ, વારાણસી, અમરોહા, સહારનપુર, ગૌતમ બુદ્ધ નગર, ગાઝિયાબાદ, બુલંદશહર, ફતેહપુર સીકરી, કાનપુર, હાથરસ, ઝાંસી, મહારાજગંજ અને બાગપત સીટો કોંગ્રેસને આપી છે. જોકે કોંગ્રેસ પાર્ટી દ્વારા હજુ સુધી કોઈ પ્રતિક્રિયા વ્યક્ત કરવામાં આવી નથી. સમાજવાદી પાર્ટીએ કોંગ્રેસને ગઠબંધન હેઠળ ૧૭ બેઠકો પર તેના ઉમેદવારો ઉભા રાખવાનો પ્રસ્તાવ મૂક્યો છે. અગાઉ, સપાએ કોંગ્રેસને ૧૧ બેઠકો પર ચૂંટણી લડવાનો પ્રસ્તાવ મૂક્યો હતો, જેના કારણે બંને પક્ષો વચ્ચે નિવેદનબાજી શરૂ થઈ ગઈ હતી. સોમવારે સપા પ્રમુખ અખિલેશ યાદવે કોંગ્રેસ માટે ૧૭ લોકસભા સીટો છોડવાનો નિર્ણય કર્યો છે. ઉલ્લેખનીય છે કે સપા અને કોંગ્રેસ વચ્ચે બેઠકોની વહેંચણીને લઈને લાંબા સમયથી વાતચીત ચાલી રહી છે. પહેલા બંને પક્ષો વચ્ચે ૧૫ બેઠકો પર વાતચીત થઈ હતી.

### વિધાનસભામાં નકલી કાંડ મુદ્દે સરકારને ઘેરવાનો પ્રયાસ

# નકલીકાંડ મુદ્દે ગૃહમાં હોબાળા બદલ કોંગ્રેસના ધારાસભ્યો સસ્પેન્ડ

### નકલી કચેરી, નકલી પોલીસ, નકલી અધિકારી મુદ્દે કોંગ્રેસના ધારાસભ્યોએ હોબાળો અને સુત્રોચ્ચાર કર્યા

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત વિધાનસભામાં શિયાળુ સત્ર ચાલી રહ્યું છે ત્યારે વિધાનસભા ગૃહમાં આજે કોંગ્રેસી ધારાસભ્યોએ રાજ્ય સરકાર સામે અનેક સવાલોના જવાબો માંગ્યા હતા, જેમાં આજે ગૃહમાં 'નકલીકાંડ'નો મુદ્દો ઉઠાવીને ગૃહમાં સરકારનો ઘેરવાનો પ્રયાસ કર્યો હતો. આ પછી ગૃહના સ્પીકરે કોંગ્રેસના ધારાસભ્યોને સસ્પેન્ડ દીધા હતા.ગુજરાત વિધાનસભામાં ચાલી રહેલા શિયાળુ સત્રમાં રાજ્ય સરકાર વિવિધ પ્રશ્નોના જવાબો આપી રહી છે ત્યારે કોંગ્રેસના ધારાસભ્યોએ આજે 'નકલીકાંડ'નો મુદ્દો ગૃહમાં ઉઠાવીને હોબાળો કર્યો હતો. નકલી કચેરી, નકલી પોલીસ, નકલી અધિકારી મુદ્દે કોંગ્રેસના ધારાસભ્યોએ હોબાળો અને સુત્રોચ્ચાર કર્યા હતા. વિપક્ષના ધારાસભ્યો વેલમાં ધસી ગયા હતા. આ મુદ્દા બાદ વિધાનસભાના સ્પીકરે કોંગ્રેસી ધારાસભ્યોને સસ્પેન્ડ કરી દીધા હતા. જે બાદ કોંગ્રેસના નેતાઓએ ગૃહમાંથી વોકઆઉટ કર્યું હતું. વિપક્ષે સસ્પેન્શનના હુકમને રદ કરવાની માગણી કરી હતી.

# અમરેલી : લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૧૩ મો વિદ્યાર્થી સન્માન સમારોહ તેમજ ૧૫ મો સમૂહ લગ્નોત્સવ યોજાયો






તારીખ ૧૭/૦૨/૨૦૨૪–૧૮/૦૨/૨૦૨૪ ને શનિ–રવિવારના શુભ દિવસે લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ– અમરેલી દ્વારા ૧૩ મો વિદ્યાર્થી સન્માન સમારોહ તેમજ ૧૫ મો સમૂહ લગ્નોત્સવ ખુબજ સફળતા પૂર્વક તેમજ સમાજ ઉપયોગી આયોજીત થયો. આ કાર્યક્રમને સફળ બનવા પ્રમુખ દિનેશભાઈ ભુવા, મેં. ટ્રસ્ટી ડી.કે. રૈયાણી, કાળુભાઈ ભંડેરી, મનુભાઈ દેસાઈ, કાંતિભાઈ વઘાસીયા, કાળુભાઈ સુહાગીયા, કોર કમીટીના સભ્યોના માર્ગદર્શનથી આયોજીત થયેલ કાર્યક્રમમાં અમદાવાદ, સુરત,રાજકોટ, મુંબઈ, વડોદરા, અમરેલીના અનેક પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિ દાતાએ દાન આપેલું જેમાં હસમુખભાઈ ડાયાભાઈ નાકરાણી મુખ્યદાતા તરીકે હાજર રહેલા તેવા જ અમિતભાઈ બી. સંઘાણી, ગીરધરભાઈ ગજેરા, પ્રતાપભાઈ વાસાણી, કમલેશભાઈ સરધારા, સંજયભાઈ બી. ચોવટિયા, કાળુભાઈ ભંડેરી તેમજ વિદ્યાર્થી સન્માન કાર્યક્રમના મુખ્યદાતા તરીકે શીતલ કુલ પ્રા.લી.ના દકુભાઈ ભુવા, સંજયભાઈ ભુવા, ભુપતભાઈ ભુવા તેમજ કાનજીભાઈ ભાલાળા, સવજીભાઈ વેકરીયા, હાર્દિકભાઈ કોઠીયા, ચિરાગભાઈ નાકરાણી, પરશોતમભાઈ ગજેરા દ્વારા શુભેચ્છા સંદેશ આપી ધીરૂભાઈ અકબરી દ્વારા પોતાના દાનની જાહેરાત કરાવવામાં આવેલી અગાઉ પણ ધીરૂભાઈ અકબરી ૭ વખત મુખ્યદાન પટેલ સમાજને અપાવી ચુકયા છે. તેમજ આવતા વર્ષે ૨૦૨૫ની પણ જાહેરાત મુખ્યદાનની ૧૧ લાખ રૂપિયાની સમૂહલગ્ન માટે કરાવી આપી છે. આ પ્રસંગે ખાસ સમાજના સંતો દ્વારા આશીર્વાદ આપવામાં આવેલા જેમાં ગઢડાથી ખાસ એસ.પી. સ્વામી, ફતેપુરથી મહંત પ.પૂ. ભક્તિરામ બાપુ (ભોજાભગત ની જગ્યા), બગસરાથી પ.પૂ. જેરામબાપુ , શ્રી ખોડીયાર મંદિર નેસડીથી પ.પૂ. લવજીબાપુ, ધોળા– ધનાભગતની જગ્યામાંથી બાબુરામ બાપુ ખાસ નવ દંપતિને આશીર્વાદ આપવા હાજર રહેલા. માનવંતા રાજસ્વી રત્નોમાં કૌશિકભાઈ વેકરીયા, ધારાસભ્ય–અમરેલી સાંસદ નારણભાઈ કાછડિયા , ઈફકોના ચેરમેન અને સહકારી ભીષ્મ પિતા દિલીપભાઈ સંઘાણી, વિરજીભાઈભાઈ ઠુંમર પૂર્વ ધારાસભ્ય, પ્રતાપભાઈ દુધાત – જીલ્લા કોંગ્રેસ પ્રમુખ, મુકેશભાઈ સંઘાણી, શરદભાઈ ધાનાણી, મનીષભાઈ સંઘાણી, અશ્વિનભાઈ સાવલિયા, બેચરભાઈ ભાદાણી, મેહુલભાઈ ધોરાજીયા, જગદીશભાઈ તળાવિયા, પૂ, હંસાબેન મનુભાઈ કોટડીયા, શરદભાઈ લાખાણી, નિકુંજભાઈ સાવલિયા, અરૂણભાઈ પટેલ તેમજ નામી એવા તમામ સમાજના ગૌરવવંતા રાજસ્વી રત્નો હાજર રહેલા. આ સમારંભના કંકોત્રીના દાતા પી.પી. સોજીત્રાના લઘુબંધુ જે.પી. સોજીત્રા પણ ખાસ હાજર રહેલા. કાર્યક્રમમાં મુખ્ય વકતા ડો. કેતનભાઈ કાનપરિયા તેમજ મોટીવેશનલ સ્પીકર પીયુષભાઈ ધાનાણીએ બંને દિવસ કાર્યક્રમમાં હાજરી આપેલી તેમજ કિશાન મોરચાના મહામંત્રી હિરેનભાઈ હિરપરા, મહિલા મોરચાના આગેવાન ભાવનાબેન ગોંડલીયા અને સંગઠનના સેવાભાવી શિક્ષણવિદ્ દીપકભાઈ વઘાસીયા, બી.એલ. રાજપરા દ્વારા તેમજ લેઉવા પટેલ સમાજના અનેક વડીલો, આગેવાનો, ઉધોગપતિઓ હાજર રહી સમાંરભની શોભા વધારેલી. આ કાર્યક્રમમાં હાસ્ય દરબારમાં ઘનશ્યામભાઈ લાખાણી, લાલુભાઈ માળવીયા, અશોકભાઈ માણીયા, ઘનશ્યામભાઈ કળથીયા વગેરે દ્વારા ડાયરો અને હાસ્ય દરબાર રજુ કરેલો દીકરીઓના દતક દાતા કેયુરભાઈ રૈયાણી, વનરાજભાઈ પટેલ, હિરેનભાઈ બાંભરોળીયા, રાહુલભાઈ ઝાલાવાડિયા, કાન્તીભાઈ વઘાસીયા, સંજયભાઈ ચોવટિયા, ડો. ચંદ્રેશભાઈ ખુંટ, જયસુખભાઈ મોણપરા, રમેશભાઈ નારિયા, ચતુરભાઈ કાલસરીયા, હેમાંગભાઈ ગેવરીયા, અજયભાઈ ગેવરીયા, મનુભાઈ જીયાણી દ્વારા દીકરીઓ દતક લેવામાં આવેલી અને દાન આપવામાં આવેલું. આ કાર્યક્રમને સફળ બનાવવા ખોડલધામ ટ્રસ્ટી વસંતભાઈ મોવલીયા, પ્રેમજીભાઈ ડોબરિયા, રમેશભાઈ કાથરોટિયા અમરેલી જીલ્લા ખોડલધામ કન્વીનર સુરેશભાઈ દેસાઈ, અમરેલી શહેર ખોડલધામ કન્વીનર મુકેશભાઈ લીંબાસીયા, ખોડલધામ જીલ્લા શહેરનીટીમ અને ખોડલધામ મહિલા સંગઠન ખાસ બંને દિવસ હાજર રહેલ તેમજ કાર્યક્રમને સફળ બનાવવા માટે અમરેલી શહેર અને જુદા જુદા વિસ્તારમાંથી કન્વીનર તેમજ સહકન્વીનર સહકાર ટીમ અને સેવાભાવી કાર્યકરો, સેવાભાવી સંસ્થાઓ સલાહકાર કમિટીના વડીલઓ, કારોબારી ટીમના સભ્ય, શિક્ષણ ટીમના તમામ સભ્યઓ દ્વારા ખાસ જહેમત ઉઠવામાં આવી કાર્યક્રમના અંતે આભાર દર્શન મંત્રી પ્રા.ડો. જે.ડી. સાવલિયા અને ઉપપ્રમુખ સંજયભાઈ રામાણી દ્વારા કરવામાં આવેલું કાર્યક્રમના ઉદ્‌ઘોષક પ્રો. હરેશભાઈ કાવાણી તેમજ ભરતભાઈ બાવીશી દ્વારા થયેલ. આ તકે લાયન્સ કલબ ઓફ અમરેલીના પ્રમુખ કૌશિકભાઈ હપાણીની ટીમ દ્વારા બ્લડ ડોનેશન અને ડાયાબીટીસ ચેકઅપ કેમ્પનું આયોજન થયેલું. ત્યારે વોલેન્ટરી બ્લડબેંક અમરેલીના પ્રમુખ લલીતભાઈ ઠુંમર દ્વારા બ્લડ કેમ્પનું સંચાલન કરવામાં આવેલું, મેડીકલ ઓફિસર રાજુભાઈ કથીરિયા દ્વારા મેડીકલ સેવા આપવામાં આવેલ, છ.ઘ. ફિલ્ટર પ્લાટ પ્રફુલભાઈ અકબરી, સોનાની ચૂક મતિ પ્રવિણાબેન ભીખાભાઈ કાબરીયા, બેડા સેટ તેમજ દીવડા નીલેશભાઈ દેસાઈ દ્વારા આજીવન આપવાની જાહેરાત થયેલી તેમજ આશીર્વાદ ફૂલહાર તરફથી મંડપ સુશોભન અને જલધારા મિનરલ દ્વારા પાણીની સેવા મળેલી વિદ્યાર્થીઓને ચોપડા, યુનાઈટેડ પેપર તરફથી ખાસ મળેલા તે ઉપરોકત અનેક દાતાઓએ ખુબજ કિંમતી વસ્તુઓ દ્વારા દીકરીઓનો કરિયાવર આપવામાં આવેલો. ત્યારે મોટીવેશનલ સ્પીકર મનીષભાઈ વઘાસીયાએ સફળ દાંપત્ય જીવનની ચાવી એવા કાર્યક્રમ દ્વારા દંપતિને શીખ આપેલી. આ તકે બંને કાર્યક્રમમાં ખાસ ખોડીયાર માતાજીની જયંતી નિમિતે પ્રજ્ઞા સ્કુલની બાળાઓ તેમજ જેર્શીંગપરાની લેઉવા પટેલ સમાજની બાળાઓ દ્વારા માં ખોડીયારની કલાકૃતિ રજુ કરવામાં આવેલી તેમજ અન્ય સ્વાગત કૃતિ લેઉવા પટેલ સમાજની બાળાઓ દ્વારા રજુ કરવામાં આવેલી આ બંને કાર્યક્રમ માટે પ્રમુખ અને તેમની કારોબારી ટીમ માટે કુલ ૨૪ વિવિધ સમિતિ બનાવવામા આવેલી જેના દરેક સેવાભાવી કાર્યકર્તાઓ દ્વારા ખુબજ ખંતથી પોતાની જવાબદારી નિભાવેલ અને કાર્યક્રમને સફળ બનાવેલ તેવું લેઉવા પટેલ સમાજના મંત્રી જે.ડી. સાવલિયાની યાદીમાં જણાવવામાં આવેલ.

### નેશનલ હાઈવે ઓથોરિટી ની મૂર્ખાઈનું પ્રદર્શન...!!

## સાવરકુંડલા અમરેલી નેશનલ હાઈવે નંબર ૩૫૧ ઉપર રાતોરાત સ્પીડ બ્રેકર્સ ઉભા કરી દીધા...!

**એકાદ નહિ પણ એક કિલોમીટરમાં ચાર ચાર...!!**

(પ્રતાપ ખુમાણ, સાવરકુંડલા)

સાવરકુંડલા, તા. ૨૦

સાવરકુંડલાથી અમરેલી તરફ જતો હાઈવે નેશનલ હાઈવે નંબર ૩૫૧ જાહેર કરવામાં આવેલ છે,ખરેખર તો હાઈવે ઉપર સ્પીડ બ્રેકર્સ ન હોય, એટલે જ હાઈવે કહેવાય. છતાં હાઈવે ટચ શાળા કે હોસ્પિટલ હોય તો અગાઉથી સાઈન બોર્ડ લગાવી, યોગ્ય ધારા ધોરણ મુજબ ની માપ સાઈઝ વાળા સ્પીડ બેકર્સ બનાવવાતા હોય છે,પરંતુ આશ્ચર્યની વાત એ છે કે સાવરકુંડલા બાયપાસથી ચરખડિયા સુધી એકાદ કિલોમીટર સુધીના એરિયામાં રાતોરાત ૨૦૦ મીટરના અંતરે વારાફરતી ચાર ચાર સ્પીડ બ્રેકર્સ હાઈવે ઓથોરિટી દ્વારા બનાવી નાખવામાં આવ્યા છે. જયાં આસપાસ કોઈ શાળા કે કોઈ હોસ્પિટલ કે કોઈ રસ્તો પણ ક્રોસ થતો નથી.

ખરેખર તો જયાં સાવરકુંડલા અમરેલી બાયપાસ જંકશન છે ત્યાં સ્પીડબ્રેકરની જરૂર છે. ત્યાં એક પણ સ્પીડ બેકર્સ નથી અને જયાં જરૂર નથી ત્યાં કોઈ પણ સાઈન બોર્ડ કે સૂચના કે યોગ્ય માપ સાઈઝ વગરના ચાર ચારસ્પીડ બ્રેકર્સ બનાવી નાખવામાં આવ્યા છે.

આ ઓચિંતા બની ગયેલા સ્પીડ બ્રેકર્સને કારણે કાયમી અપડાઉન કરતા બાઈક સવારો ધડાધડ સ્પીડ બ્રેકર્સ ઠેકાડવાથી કમર ભાંગી જાય છે એમાંય બાળકો કે મહિલાઓ પાછળ બેઠા હોય તો તેમની હાલત કફોડી બની જાય છે અને કયારેક જીવલેણ પણ નીવડી શકે. આ સ્પીડ બ્રેકર્સ તાત્કાલિક દૂર કરવાની જરૂર છે.

અથવા તો યોગ્ય ધારા ધોરણ મુજબના બનાવી અગાઉ બન્ને તરફ રાત્રે પણ દૂરથી ખબર પડે તેવા સાઈન બોર્ડ મૂકવાની તાતી જરૂરિયાત છે. ઓળીયા ગામ થી અમરેલી તરફ જતા આ હાઈવે ઉપર જ કેટલાય વર્ષોથી પડી ગયેલા વિરાટકાય વૃક્ષનું થડ કે જેને કોઈએ સફેદ કપડું વીંટાળી રાખ્યું છે. જે એટલું જોખમી છે કે કોઈ કમનસીબ માટે આ સફેદ કપડું સીધેસીધું જ કફનમાં જ કામ લાગી જાય..!

આ ઝાડના થડને તાત્કાલિક દૂર કરવાની જરૂર છે. ત્યારે નેશનલ હાઈવે ઓથોરિટીના જવાબદાર અધિકારીઓને આટલા વર્ષોથી આ વૃક્ષનું થડ કેમ દેખાતું નહીં હોય કે કોઈ અકસ્માત થાય અને કોઈ નિર્દોષનો ભોગ લેવાય તેની રાહ જોવાતી હશે..?!!




### અમદાવાદનાં પટેલ પરિવાર દ્વારા

## ટીંબીની સ્વામી નિર્દોષાનંદજી હોસ્પિટલને ૪૦ હજારની સહાય

**લગ્નપ્રસંગે આવેલ ચાંદલાની રકમ અર્પણ**

ટીંબી, તા.૨૦

સ્વામી શ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ ટીંબીમાં ચાલતા નિઃશુલ્ક આરોગ્યલક્ષી સેવાકાર્યમાં હોસ્પિટલનાં શુભારંભથી ઘણીમોટી રકમનું અનુદાન અર્પણ કરેલ છે તેવા અમદાવાદ સ્થિત ઉદારદિલ દાતા સ્મિતાબેન શૈલેષભાઈ મોતીલાલ પટેલનાં સુપુત્ર ચિ. માનીલ સંગ ચિ. ધ્વનિનાં શુભલગ્ન પ્રસંગે ચાંદલા માટે મુકેલ બોકસમાં આવેલા રૂપિયા ચાલીસ હજાર પુરા હોસ્પિટલમાં ગરીબ દર્દીઓનાં લાભાર્થે અર્પણ કરીને એક પ્રેરણાદાયી સેવાકાર્ય કરેલ છે.

આ સરાહનીય અને પ્રેરણાદાયી અનુદાન અર્પણ કરવા બદલ હોસ્પિટલ ટ્રસ્ટીમંડળે સ્મિતાબેન શૈલેષભાઈ મોતીલાલ પટેલ તથા તેમના પરિવારજનોનો હૃદયપૂર્વક આભાર વ્યકત કરેલ છે.

## અમરેલી : સારહિ તપોવન આશ્રમની શુભેચ્છા મુલાકાતે સમાજસેવીઓ



અમરેલી, તા. ૨૦

શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરતનાં પ્રમુખ અને જય જવાન નાગરિક સમિતિ સુરતનાં પ્રમુખ ક્રાંતિકારી વિચારક કાનજીભાઈ ભાલાલા તથાગોલ્ડન વિલેજ રફાળાનાં પ્રણેતા સવજીભાઈ વેકરીયાએ સારહી તપોવન આશ્રમની શુભેચ્છા મુલાકાત લીધી હતી,

આ અવસરે સારહી પરિવાર વતી મુકેશભાઈ સંઘાણી, રાજેશભાઈ માંગરોળિયા, ચંદુભાઈ રામાણી, દિવ્યેશભાઈ વેકરીયા, હરિભાઈ કાબરીયા, દિપકભાઈ વઘાસિયા, હરેશભાઈ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા.

### ભાજપના ચારેય ઉમેદવારો બિન હરીફ થઈ ચુકયા

## ધોળકીયા, નડ્ડા, નાયક, પરમારની રાજયસભાનાં સાંસદ તરીકે વિધીવત ઘોષણા કરવામાં આવી

**ધોળકીયા, નાયક, પરમારને સાંસદની ઓળખ માટે સવા મહીનો રાહ જોવી પડશે**

લીલીયા, તા.૨૦

રાજયસભામાં ગુજરાતન વિધાનસભાના શ્રેષ્ઠ નિધી તરીકે છટ્ઠી એપ્રિલે ખાલી પડનારી ચાર બેઠકોની ચુંટણીમાં ભાજપનાં ચારેય ઉમેદવારો બિન હરીફ વિજેતા આજે થઈ ચુકયા છે. બિન હરીફ ચુંટાયેલા ચાર ઉમેદવારોમાંથી ભાજપનાં રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડા પહેલેથી રાજયસભાનાં સાંસદ છે. એથી તેઓ છટ્ઠી એપ્રિલ સુધી સાંસદ યથાવંત રહેશે. અને ત્યાર પછી નવેસરથી શપથ લઈને આ પદે, બારકરાર રહેશે. પરંતુ બે સિવાયની ગોવિંદભાઈ ધોળકીયા, મથંક નાયક, અને ડો. જસવંતસિંહ પરમારને સાંસદ રાજય સભાનાં સભ્ય તરીકે અધિકૃત ઓળખ સેળવવા સવા મહીનો રાહ જોવી પડશે.રાજય સભામાં જે.આર.બેઠકો ખાલી થઈ નહી છે. જેમા કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા અને પરસોતમભાઈ રૂપાલા, તેમજ કોગ્રેસમાંથી ડો.અમી યાજ્ઞક અને નારાણભાઈ રાઠવાનો સમાવેશ થાય છે. ચારેય સાંસદની ટર્મ છટ્ઠી એપ્રિલ ૨૦૨૪ના રોજ પુર્ણ થાય છે. પાયોમેન્ટ્રી પ્રોસેડીંગના શબ્દોમાં રિટાર્યડમેન્ટ તરીકે કરાવી આ અવધી પુર્ણ થાય તે તેના એક–બે દિવસો દરમિયાન ખાલી પડેલી જગ્યાઓ પર નવા સભ્યોની શપથવિધી યોજાય છે. આથી ગુજરાતનું પ્રતિનિધિત્વ કરનારા ચારેય સાંસદોની નિવૃતીના આગળ–પાછળના દિવસે ગોવિંદભાઈ ધોળકીયા, મયંકભાઈ નાયક, ડો.જસવંતસિંહ પરમારને રાજયસભાનાં ચુકાન અર્પણ કર્યા.

### તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનીષ ભંડેરીનું નિવેદન

## કેન્દ્રની ભાજપ સરકાર એમ.એસ.પી. મુદ્દે ખેડૂતોને ગુમરાહ કરવાનું બંધ કરે

**ખેડૂતો ભાજપ સરકારને કરશે પરાજિત**

અમરેલી, તા. ૨૦

ભારત દેશના ખેડુતો એમ.એસ.પી. ની માંગ સાથે છેલ્લા એક અઠયાડિયાથી કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર સામે આંદોલન કરી રહ્યા છે ત્યારે મોદી સરકાર તરફથી ખેડુતોને માત્રને માત્ર ગુમરાહ કરવાનું કામ થઈ રહ્યુંછે, ખરેખર તો નરેન્દ્ર મોદી સરકારની ખેડુતોને એમ.એસ.પી. આપવાની દાનત નથી, જો કેન્દ્રની ભાજપ સરકારની ખેડુતોને એમ.એસ.પી. આપવાની દાનત હોય તો ખેડુતોને દિલ્હી આવતા શા માટે રોકવામાં આવ્યા છે અને એક અઠવાડિયા જેવો સમય



વીતી ગયો હોવા છતાં પણ નરેન્દ્ર મોદી સરકારે નિર્ણય કર્યો નથી, આ બાબત સાબિત કરે છે કે કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારની ખેડુતોને એમ.એસ.પી. આપવાની કોઈ ઈચ્છા નથી, માત્રને માત્ર લોકસભા ચૂંટણીની આચાર સંહિતા અમલમાં આવે ત્યાં સુધી સમય પસાર કરીને ભારત દેશના ખેડૂતોને ગુમરાહ કરવાનું કામ નરેન્દ્ર મોદીની સરકાર કરી રહી છે, જો નરેન્દ્ર મોદી સરકારની ખેડૂતોની એમ.એસ.પી તથા અન્ય માંગો સમયસર સ્વીકારશે નહીં તો ભારત દેશના ખેડૂતો ૨૦૨૪ ની લોકસભાની ચૂંટણીમાં ભાજપ સરકારને જડમૂળમાંથી ફેંકી દેશે તેમ તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનીષ ભંડેરીએ જણાવ્યું છે.

# ખાંભા ખાતે સારહિ યુથ કલબ ઓફ અમરેલી દ્વારા નેત્રયજ્ઞ યોજાયો






ખાંભા ખાતે સારહિ યુથ કલબ ઓફ અમરેલી દ્વારા ખાનગી હોસ્પિટલના સહયોગથી નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો. જેમાં ૧૭૦ દર્દીઓની આંખની તપાસ કરવામાં આવેલ. જેમાંથી ૨૪ દર્દીઓને મોતીયાનાં ઓપરેશન માટે મોકલી અપાયા હતા. કેમ્પમાં રાજુલાનાં તબીબે હાડકા, ઘુંટણનાં દર્દીઓની વિનામૂલ્યે તપાસ કરવામાં આવી હતી. આ કેમ્પમાં સારહિ યુથ કલબનાં કાર્યકારી પ્રમુખ સુરેશભાઈ શેખવા, અરવિંદભાઈ ચાવડા, અમરીશભાઈ જોષી, આનંદ ભટ્ટ, દિલીપ લાખાણી, વિપુલભાઈ શેલડીયા, ધ્રુવભાઈ જોષી, ભાર્ગવ પંડયા, વિગેરે ઉપસ્થિત રહયા હતા.

# ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવ યોજાયો



ચલાલા : ગુજરાત સરકાર દ્વારા સેવા તેમજ તબીબી શ્રેત્ર નો જેમને વિશિષ્ટ એવોર્ડ પ્રદાન થયો છે. એવા ચલાલાના યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા ગાયત્રી સંસ્કાર કેન્દ્ર ધારી રોડ ખાતે માનવ સેવાની અખંડ જયોત જગાવી છે. અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર સ્થાપક પ. પૂ. રામશર્મા આચાર્યજીના યુગ નિર્માણના સંકલ્પો સાકાર કરવાના પ્રયત્નો કરી રહેલ આ સંસ્થા દ્વારા વિવિધ સેવા શ્રેત્રે અસંખ્ય પ્રવૃત્તિઓ જીવંત રૂપે નિઃસ્વાર્થ ભાવનાથી ચાલી રહી છે. તાજેતરમાં સંસ્થા દ્વારા ચલાલા ખાતે વીસમાં સર્વજ્ઞાતીય સમૂહ લગ્નોત્સવ સફળ રીતે યોજાઈ ગયા. જ્ઞાતિ જાતી કે ધર્મના ભેદભાવ વગર માનવસેવાના આ ભાગીરથકાર્યોની જુદી જુદી જ્ઞાતિના ૨૮ નવયુગલો એ લાભ લીધો હતો અને સમાજના સાચા જરૂરિયાતમંદો સુધી પહોચવાનો પ્રયત્ન ગાયત્રી પરીવાર દ્વારા થયો હતો. કાર્યક્રમના શુભારંભમાં સંસ્થાના વડા પૂ. રતિદાદાએ સંસ્થાની માનવ સેવાકીય પ્રવૃત્તિઓની ઝાંખી કરાવી હતી તેમજ નવદંપતિઓને આશીર્વચન પાઠવ્યા હતા. આ કાર્યક્રમ માં કરૂણાનીધાન બાપુ, પ્રફુલભાઈ સેંજળીયા, કોકીલાબેન કાકડિયા, દીપુબેન ગોહીલ, મનીષભાઈ સંઘાણી, ડો. ચંદ્રમોલી જોશી, દુલાબાપા, લાલજીભાઈ ખુંટ, રમણીકભાઈ સરપંચ, પ્રફુલભાઈ શિરોયા, ભયલુભાઈ વાળા, પ્રકાશભાઈ કરીયા, મહેન્દ્રભાઈ સાદરાણી, હિંમતભાઈ દોંગા, હરેશભાઈ જેબલિયા, પરશુરામભાઈ બોરીસાગર, મનસુખભાઈ મહેતા, વજુદાદા, ભાવેશકુમાર બોરીસાગર, મનુભાઈ બારોટ, અરૂણભાઈ તથા ઉર્મિલાબેન રૂપારેલીયા–યુ. કે., શૈલેશભાઈ તથા રેખાબેન–યુ. કે., પરેશભાઈ તથા અંકિતાબેન–કંપાલા, દિલીપભાઈ તથા રંજનાબેન– ઈટાલી, અશોકભાઈ તથા અરૂણાબેન– યુ. કે., ચંદ્રિકાબેન ઉનડકટ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ સમૂહલગ્નોત્સવમાં દરેક કન્યાને ૧૪૦ વસ્તુ કરિયાવરરૂપે ભેટ આપવમાં આવી હતી. આ લગ્નોત્સવની સાથે શાંતાબેન હરિભાઈ ગજેરા મેડીકલ કોલેજના સહયોગથી મહારકતદાન શિબિરનું પણ આયોજન કર્યુ હતું. જેનો અસંખ્ય રકતદાતાઓએ લાભ લીધો હતો. ગુઢદેવની કલમેં લખાયેલા ૩૨૦૦ પુસ્તકો અડધી કિંમતે મળે તે માટે સ્ટોલ રાખવામાં આવ્યો હતો. ચા–પાણી, ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. ભારતીય સંસ્કૃતિની આદર્શ સપ્તપદીની શાસ્ત્રોક લગ્નવિધિથી વાતાવરણ દેવીમય બની ગયું હતું. આ કાર્યક્રમનું સમગ્ર સંચાલન ડાયરેકટર ભારતભૂષણ મહેશભાઈ મહેતા, તેમજ આચાર્ય શીતલબેન મહેતાએ કર્યુ હતું.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલી પાલિકાનું વર્ષ ૨૦૨૪–૨૫ નું

અલગ–અલગ વોર્ડ વિસ્તારમાં ભૂગર્ભ ગટરનાં કામ પૂર્ણ થયેલ તેવા રસ્તાઓનાં નવીનીકરણ હાથ ધરવામાં આવનાર છે. તેમજ ૧૫ માં નાણાપંચનાં ફાળવવામાં આવનાર રકમમમાંથી શહેરનાં પાણી પુરવઠાનેલગતકામો, રોડસ્વીપરમશીની ખરીદીતેમજફૂટપાથ, સાયકલટ્રેક, રસ્તા બ્યુટીફિકેશનનાં કામો હાથ ધરવામાં આવનારછેતેમજસ્વર્ણિમજયંતીયોજના અન્વયે નગરપાલિકાને તેમજ ઓજી એરીયાનાં રસ્તાઓ માટે રકમ રૂા. ૮ કરોડનાં કામોના આયોજન પણ હાથ ધરવામાંઆવનારછે.તેમજ "અમૃત૨.૦" યોજનાહિરકબાગખાતેનવાવોટરવર્કસ તથા પાણી પુરવઠાને લગત કામો, નવી પાઈપલાઈનોનાખવી, એકસપ્રેસલઈાન, વાલ્વબદલવા, ગાર્ડનડેવલોપકરવાતથા તમામડેવલોપમેન્ટનાંકામોહાથધરવામાં આવેલછેઅનેપૂર્ણકરવામાંઆવનારછે. તેમજઅમરેલીનગરપાલિકાવિસ્તારમાં જિલ્લાકક્ષાનાંફાયરસ્ટેશનનાંનિર્માણપણ હાથધરવામાંઆવનારછેતેમજ "નલસે જલ" યોજના અંતર્ગત અમરેલી શહેરનાં આઉટગ્રોથવિસ્તારતેમજશહેરનાંતમામ નળ લાઈનથી વંચિત તમામ વિસ્તારોને આવરી લઈ તમામ ઘરે નળ કનેકશન આપવાનાં આયોજન પણ હાથ ધરવામાં આવનારછે. તેમજમુખ્યમંત્રીશહેરીસડક યોજના અંતર્ગત રૂા. ૩૭.૦૦ કરોડના ડીપીઆર સરકારમાં સાદર કરવામાં આવેલછે.

આમ નગરપાલિકાનું વર્ષ ૨૦૨૪–૨૫નું બજેટ લોકોની આરોગ્ય સુખાકારીમાંવધારોથાયતેમજલોકોની રોજબરોજની સુવિધામાં વધારો થાય તેવાહેતુસરનીરકમરૂા.૫.૩૪લાખની પુરાંતવાળુ બજેટ આજની સામાન્ય સભામાં બહુમતીથી મંજૂર કરવામાં આવેલ છે. મિટીંગમાં પ્રમુખ બિપીનભાઈ સવજીભાઈ લિંબાણી, ઉપપ્રમુખ બિનાબેન વિશાલભાઈ કાલેણા, કારોબારીચેરમેનમનિષભાઈ હકુભાઈ ધરજીયા ધ્વારા બજેટ અંગેની વિસ્તૃત છણાવટ કરવામાં આવેલ હતી.

## આગામી સોમવારે
# લાઠી : કેરિયા ખાતે પૂ. ગોપાલનાથજી બાપુની પુણ્યતિથિની ઉજવણી
### સમાધિપૂજન સહિતનાં કાર્યક્રમો યોજાશે

દામનગર, તા. ૨૦

'સિદ્ધો આદેશના મંત્ર સાથે કેરીયા ગામે બ્રહ્મલીન યોગી ગોપાલનાથજી બાપુની આઠમી પુણ્યતીથીની ઉજવણી આયોજન'. ગુરૂ બ્રહ્મા ગુરૂ વિષ્ણુ ગુરૂ દેવો મહેશ્વરા ગુરૂ સાક્ષાત પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરૂવે નમઃ ના સ્મરણથી જીવનમાં સુખ – શાંતિ અને સમૃદ્ધિ આવે છે,જીવનમાં ગુરૂનું સ્થાન અને મહત્વ અનોખું હોય છે. લાઠી તાલુકાના કેરીયા ગામે આવેલ આઈ શ્રી પંચ ખોડીયાર મંદિરના બ્રહ્મલીન સંત યોગી ગોપાલનાથજી બાપુની આઠમી પુણ્યતિથીની ઉજવણી તા. ૨૬/૨/૨૪ ને સોમવારે વૈદિક પરંપરા મુજબ સવારના આઠ કલાકે સમાધિ પૂજન,દસ વાગે બટુક ભોજન, અગીયાર વાગે મહા પ્રસાદ,અનેરાતે આઠ વાગે રામધુનનું ભવ્ય ધાર્મિક આયોજન કરેલ હોય, મંદિરના યોગી ત્રંબકનાથજી બાપુ ગુરૂ પીર યોગી શેરનાથજી બાપુ અને સર્વે સેવક સમુદાય કેરીયા દ્વારા આ ઉજવણીનો લાભ લેવા જણાવેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલીનાં કારવર્લ્ડનાં સંચાલક વિરૂધ્ધ

રહેતા કપીલભાઈ રમેશભાઈ ખીમસુરીયા નામનાં ૨૫ વર્ષિય યુવકને વિાસમાં લઈ ફોરવ્હીલ આપવાના બ્હાને યુવક પાસેથી રોકડ રકમ રૂપિયા ૫૦,૦૦૦ તથા અલગ–અલગ ટ્રાન્જેકશનથી કાર વર્લ્ડના એચડીએફસી બેન્ક એકાઉન્ટમાં રૂપિયા ૫,૦૬,૦૦૦ તથા સાહેદ સમીરભાઈ ગાંગાણી પાસેથી ફોરવ્હીલ એક્ષચેન્જ કરવાના બહાને રૂપિયા ૩,૬૦,૦૦૦ તથા જુની ફોરવ્હીલ સ્વીફટ જેની આશરે કિંમત રૂપિયા ૪,૭૫,૦૦૦ મળી કુલ રકમ રૂપિયા ૧૩,૯૧,૦૦૦ મેળવી લઈ, યુવક તેમજ સાહેદને ફોરવ્હીલ કે તેઓએ આપેલ રોકડ રકમ પરત નહી કરી, ખોટા વાયદાઓ આપી કપીલભાઈ રમેશભાઈ ખીમસુરીયા તથા સાહેદ સાથે આરોપીઓ રાજુભાઈ ઉર્ફે રાજેશભાઈ ભટ્ટ તથા તેજસભાઈ ભટ્ટ (કારવર્લ્ડ)એ વિાસઘાત, છેતરપીંડી કરી એક–બીજાની મદદગારી કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

પાના ૮ ઉપરનું ચાલું

## લીલીયા પંથકમાં ખનિજ માફિયાઓ સામે

દરમિયાનમાં અમરેલી શેત્રુંજીનદીમાંથીદરરોજહજારોટનરેતી ચોરીથઈરહીછે.તંત્રદ્વારાઅનેકવખત રેડોકરીકાર્યવાહીપણકરવામાંઆવેછે પરંતુ રેતી માફીયાઓને જાણે કાયદાનો કોઈ ડર ના હોય તેમ તેમના માણસો દ્વારા વોચ ગોઠવી રાત્રે અને દિવસે રેતીની ચોરીઓ કરે છે. ત્યારે આજે ફરી એક વખતઅમરેલીખાણ–ખનિજદ્વારાલાલ આંખ કરવામાં આવી છે. અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના બવાડી ગામની શેત્રુંજી નદીમાં રેતી માફીયાઓ દ્વારા રેતી ચોરી કરી રહ્યા હતા તે દરમિયાન આજે અમરેલી ખાણ–ખનિજ વિભાગે રેડ કરતા એક લોડર, એક ડમ્પર અને ત્રણ ટ્રેકટર મળી કુલ ૫૦ લાખ જેવો મુદ્દામાલ કબ્જે કરી કાયદાકીય કાર્યવાહી હાથ ધરી છે.

પાના ૧ ઉપરનું ચાલું

## ધારી નજીક આવેલ

ખોલવામાંઆવેલહોયજેનેલઈશેત્રુંજી નદીમાં ભર ઉનાળે અને વગર વરસાદે પાણીવહેવાલાગશે.

અમરેલી જીલ્લાના ધારી તાલુકાના ધારી ગામ પાસે શેત્રુંજી નદી ઉપર આવેલા ખોડીયાર સિંચાઈ યોજનામાંડેમસેફટીનેલગતરેડીયલગેટ બદવાની કામગીરી કરવાની હોવાથી નર્મદા, જળસંપત્તિ, પાણીપુરવઠાઅને કલ્પસરવિભાગનાપરીપત્રઅન્વયેઆ યોજનાના બે દરવાજા ૬ ઈંચ જેટલા ખોલવામાંઆવેલછે. ડેમમાંથી ૬૫,૧૨ એમ.સી.એફ.ટી. પાણી નદીમાં છોડી કેસ્ટ લેવલ સુધી ઘટાડવાનું હોવાથી શેત્રુંજી નદીમાં છોડવામાં આવેલ. તેનો પ્રતી સેકન્ડ પસાર થતો પ્રવાહ ૩૫૦ કયુસેકહોય, તોશેત્રુંજીનદીનાપટ્ટમાંકે કાંઠા વિસ્તારમાં કોઈએ અવર જવર કરવી નહી તેવી અગાઉ ચેતવણી આપવામાંઆવેલહતી. પાણીછોડવામા આવેલ છે ત્યારે ધારી તાલુકાના ધારી, આંબરડી, ભડ તથા પાદરગઢ, જયારે બગસરા તાલુકાના હાલરીયા તથા હુલરીયા તેમજ અમરેલી તાલુકાના સરંભડા, નાના માંડવડા, મેડી, તરવડા, બાબાપુર, વાંકીયા, ગાવડકા, પીઠવાજાળ, વિઠ્ઠલપુર, મોટા ગોખરવાળા, નાના ગોખરવાળા તેમજ લીલીયા તાલુકાના કણકોટ, આંબા, ક્રાંકચ, બવાડા, બવાડી તેમજ સાવરકુંડલા તાલુકાના ઈંગોરાળા, બોરાળા, લોકા, લોકી, જુના સાવર, ખાલપર, આંકોલડા, શેઢાવદર, મેકડા, ફિફાદ, ઘોબા, પીપરડી તેમજ ભાવનગર જિલ્લાના ગારીયાધાર તાલુકાનાઠાંસા, જુનાગુજરડા, મનાજી, રાણીગામ, સતાપડા અને પાલીતાણા તાલુકા ચોક, ડુંગરપુર, હાથસણી, જાલીલા, જીવાપર, રાણપરડા, રોહીશાળા આ મુજબના ગામોને અસર થવાનીસંભાવનાછે.

તો શેત્રુજી નદીના પટ્ટમાં કે કાંઠા વિસ્તારમાં કોઈએ અવર જવર કરવીનહીતેમએકયાદીમાંજણાવાયુંછે.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્કે

સિધ્ધિનેદિલીપસંઘાણીએઅધિકારી અને કર્મચારીગણને આ કામગીરી માટેબિરદાવીનેઅભિનંદનપાઠવ્યા છે. અટલ પેન્શન ઉપરાંત અનેક કૃષિલક્ષી સ્થાનિક યોજનાઓ પણ આજ બેન્ક ચલાવી સફળતા પ્રાપ્ત કરતીરહીછે. અત્રે એ ઉલેખનીય છે કેજીલ્લામધ્યસ્થસહકારીબેન્કેશરૂ કરેલસર્વપ્રથમકિશાનક્રેડિટકાર્ડની ઉપલબ્ધી સમગ્ર દેશમાં પણ લાગુ કરવામાં આવેલ જે એક નોંધનીય બાબત છે. તેમ ચેરમેનના કાર્યાલયની અખબારી યાદીમાં જણાવાયેલછે.

પાના ૧ ઉપરનું ચાલું

## કુંકાવાવનાં સરપંચ દુષ્કર્મની

સરપંચ તરીકે ખ્યાતિ પામતા જોવા મળ્યા હતા સાથે ટુંકા સમય ગાળામાં તેઓ અનેક વિવાદોમાં પણ સપડાતા તેના વિવાદો અને તેમની વિરૂદ્ધની પોલીસ ફરિયાદો વારંવાર ચર્ચાનો વિષય બનતી જોવા મળી રહી છે. તા. ૨૦/૧ ના રોજ એક બ્યુટીપાર્લર સંચાલક દ્વારા વર્તમાન સરપંચ દ્વારા ભુતકાળમાં ઈન્સ્ટાગ્રામમાં ચેટ કરીને પરિણીતાને મળવા બોલાવીને તા. ૧/૯/૨૨ ના રોજમાં ધારીના લાયન રિસોર્ટ ખાતે લઈ જઈ દુષ્કર્મ આંચરી પરિણીતાના બિભત્સ ફોટા અને વિડિયો ઉતારી તેને વાઈરલ કરી આપવાની અને પરિણીતાના પતિને મોકલી આપવાની ધમકીઓ આપી ફરી તા. ૨૦/૧૨/૨૩ના રોજ રાજકોટની કાય હોટેલમાં લઈ જઈ દુષ્કર્મ કર્યાની ફરિયાદ કુંકાવાવના એક બ્યુટીપાર્લરના ધંધા સાથે સંકળાયેલા પરિણીતાએ વડિયા પોલીસમાં ફરિયાદ નોંધાવતા કુંકાવાવ સરપંચ સંજય લાખાણી વિરૂધ્ધ કલમ ૩૭૬,૩૭૬(૨), ૫૦૪, ૫૦૬(૨) અને આઈટી એકટની કલમ ૬૬(ઈ) ૬૭(એ) મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. જાણવા મળતી વિગતો મુજબ હાલ આ ઘટનાની તપાસ સાઈબર ક્રાઈમના પીઆઈ ટી.એચ. પટેલ ચલાવી રહયા છે. ત્યારે જોવાનું એ છે કે આ દુષ્કર્મના આરોપી એવા સરપંચ દોઢેક મહિનાથી પોલીસ પકડથી દુર છે. પોલીસ પકડથી દુર ફરાર હોય તેવું સામે આવી રહયું છે. વર્તમાન સરપંચ સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાતા હાલ પોલીસ કયારે કાર્યવાહી કરશે તેવું કુંકાવાવમાં આ ચર્ચાએ જોર પકડયું છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## અવસાન નોંધ

અમરેલી : તાલાલા નિવાસી ભાવનાબેન ભગવાનજીભાઈ અભાણી તે સ્વ. ભગવાનજીભાઈ (ભનાભાઈ ચા વાળા)ના ધર્મપત્ની તેમજ કલ્પેશ તથા નૈમિષ તથા જલકબેન પ્રિતેશકુમાર પોપટ (અમરેલી)ના માતુશ્રીનું અવસાન થયેલ છે.

ગોવિંદભાઈ ધોળકીયા ને અભિનંદન



સંકુલ નાં માનનીય ટ્રસ્ટીશ્રી – દાતાશ્રી અને સલાહકારશ્રી ગોવિંદભાઈ ધોળકીયા સાહેબ ને રાજ્યસભા નાં સાંસદ તરીકે બિનહરીફ થવા બદલ સંકુલ પરીવાર તરફ થી અભિનંદન
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:– શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શ્રી મલ્ટિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી – Ad 085

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૮૬ | ૧૪૦૮ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૬ | ૧૪૦૧ |
| ૨ | ઘઉં | ૪૫૫ | ૫૩૦ |
| ૩ | ચણા | ૧૦૯૯ | ૧૧૦૧ |
| ૪ | તુવેર | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૫ | ધાણા | ૧૦૦૫ | ૧૨૮૧ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૪૦ | ૧૨૮૧ |
| ૨ | શિંગ મોટી | ૧૧૦૦ | ૧૩૨૬ |
| ૩ | શિંગદાણા | ૧૩૭૦ | ૧૬૦૦ |
| ૪ | તલ સફેદ | ૧૫૦૦ | ૩૧૨૦ |
| ૫ | તલ કાળા | ૨૦૦૦ | ૨૯૫૫ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૮૮૦ | ૪૧૨૯ |
| ૭ | બાજરો | ૪૫૯ | ૫૧૪ |
| ૮ | જુવાર | ૫૮૦ | ૭૬૫ |
| ૯ | ઘંઉ ટુકડા | ૪૪૦ | ૭૮૪ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૪૧ | ૫૬૧ |
| ૧૧ | ચણા | ૮૩૦ | ૧૧૩૬ |
| ૧૨ | ચણા દેશી | ૧૧૦૦ | ૧૪૦૧ |
| ૧૩ | તુવેર | ૧૨૪૦ | ૧૮૪૫ |
| ૧૪ | કપાસ | ૯૯૯ | ૧૫૦૧ |
| ૧૫ | એરંડા | ૧૦૫૪ | ૧૦૯૫ |
| ૧૬ | જીરૂ | ૩૯૭૫ | ૬૨૭૫ |
| ૧૭ | રાયડો | ૮૫૬ | ૮૯૨ |
| ૧૮ | ધાણા | ૧૧૧૬ | ૧૪૯૦ |
| ૧૯ | ધાણી | ૧૨૯૫ | ૩૧૦૦ |
| ૨૦ | મેથી | ૮૫૫ | ૧૧૫૫ |
| ૨૧ | સોયાબીન | ૮૩૦ | ૮૪૭ |
| ૨૨ | મરચા લાંબા | ૧૦૨૦ | ૪૪૦૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૧૨ | ૧૪૬૦ |
| ૨ | ચણા | ૧૦૭૫ | ૧૧૧૧ |
| ૩ | જુવાર સફેદ | ૯૨૬ | ૯૨૬ |
| ૪ | ઘઉં | ૫૨૧ | ૫૨૧ |
| ૫ | મેથી | ૧૨૦૧ | ૧૨૦૧ |
| ૬ | જીરૂ | ૫૩૬૦ | ૫૩૬૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૮૪૫ | ૧૨૨૭ |
| ૨ | શીંગ મોટી | ૮૭૫ | ૧૩૪૭ |
| ૩ | તલ સફેદ | ૨૮૦૦ | ૩૧૦૦ |
| ૪ | તલ કાળા | ૨૯૦૦ | ૩૦૦૧ |
| ૫ | જીરૂ | ૪૧૦૦ | ૫૮૬૦ |
| ૬ | કપાસ | ૧૩૦૦ | ૧૫૪૩ |
| ૭ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૭૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૫૧ | ૬૨૧ |
| ૯ | બાજરો | ૪૧૧ | ૫૨૫ |
| ૧૦ | જુવાર | ૭૧૬ | ૮૧૦ |
| ૧૧ | ચણા | ૧૦૨૫ | ૧૧૫૦ |
| ૧૨ | દેશી ચણા | ૧૨૨૦ | ૧૫૦૦ |
| ૧૩ | તુવેર | ૧૫૫૦ | ૧૯૧૦ |
| ૧૪ | રાય/રાયડો | ૧૨૦૦ | – |
| ૧૫ | ધાણા | ૧૨૦૦ | ૨૨૦૦ |
| ૧૬ | સોયાબીન | ૭૫૦ | ૮૩૬ |
| ૧૭ | વાલ | ૧૯૫૦ | – |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૮૦ | ૧૫૭૨ |
| ૨ | મગફળી | ૧૧૪૪ | ૧૨૩૬ |
| ૩ | ધાણા | ૧૦૩૦ | ૧૨૭૦ |
| ૪ | તુવેર | ૧૪૬૫ | ૧૮૭૫ |
| ૫ | ઘઉં | ૪૪૮ | ૫૯૨ |
| ૬ | ચણા | ૧૦૫૪ | ૧૧૨૬ |
| ૭ | જીરૂ | ૪૨૮૫ | ૫૭૨૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૫૦ | ૧૫૦૦ |
| ૨ | ચણા | ૮૦૫ | ૧૧૧૫ |
| ૩ | રાય | ૯૫૫ | ૯૫૫ |
| ૪ | તુવેર | ૧૧૦૫ | ૧૭૯૦ |
| ૫ | ઘઉં લોકવન | ૪૩૮ | ૫૫૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૪૯ | ૫૭૨ |
| ૭ | મગફળી | ૧૧૭૧ | ૧૧૭૧ |
| ૮ | ધાણા | ૯૪૦ | ૧૨૪૫ |
| ૯ | સોયાબીન | ૭૫૦ | ૭૫૦ |
| ૧૦ | તલ સફેદ | ૨૬૨૫ | ૨૭૪૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૧૨૫ | ૧૧૨૬ |
| ૨ | તલ સફેદ | ૨૮૫૫ | ૨૮૫૫ |
| ૩ | તલ પીળા | ૩૯૦૦ | ૩૯૦૦ |
| ૪ | કપાસ | ૧૦૧૧ | ૧૫૪૫ |
| ૫ | બાજરો | ૪૬૦ | ૫૦૭ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૨૦ |
| ૭ | જુવાર | ૪૦૦ | ૮૩૦ |
| ૮ | મકાઈ | ૫૦૦ | ૫૦૦ |
| ૯ | અડદ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૧૦ | તુવેર | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૧૧ | ચણા | ૧૦૫૦ | ૧૧૦૬ |
| ૧૨ | એરંડી | ૧૦૭૧ | ૧૦૭૧ |
| ૧૩ | અજમા | ૨૪૦૧ | ૩૦૦૦ |
| ૧૪ | રાય | ૮૮૧ | ૧૧૦૦ |
| ૧૫ | સોયાબીન | ૮૧૨ | ૮૧૨ |
| ૧૬ | ધાણા | ૧૪૦૨ | ૧૪૦૨ |

# અમરેલી ખાતે શ્યામ યુવક મંડળ દ્વારા પૂ. શામજીબાપુની પુણ્યતિથિની આસ્થાભેર ઉજવણી



અમરેલી મુકામે તારીખ ૧૮ ના રોજ સંત શિરોમણી સતાધાર ના મહંત પરમવંદનીય શામજીબાપુની પુણ્યતિથિ નિમિત્તે અમરેલી શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ સમાજ દ્વારા સંચાલિત શ્યામ યુવક મંડળ દ્વારા પૂજય બાપુની તિથિ ખૂબ જ ધામધુમથી ઉજવવામાં આવેલી. જેમાં સવારના ૯:૦૦ કલાકે ગૌશાળામાં ગાયોને ઘાસ, કબૂતરને ચણ તેમજ બપોરે ત્રણ કલાકે શ્યામ વાડી લીલીયા રોડ ખાતે પૂજય બાપુની પૂજન વિધિ કાર્યક્રમ ત્યારબાદ સાંજના ચાર કલાકે એક રકતદાન કેમ્પ શરૂ કરવામાં આવેલો. જેમાં અંદાજિત ૩૦ બોટલ જેવું રકતદાન એકત્ર કરવામાં આવેલું. ત્યારબાદસાંજના પાંચ કલાકે એક ભવ્ય ધર્મસભાનું આયોજન કરવામાં આવેલું. જેમાં નેસડી ગામ ખોડીયાર મંદિરના મહંત પૂજય લવજી બાપુ અને બગસરા ભાગી ગયાની જગ્યાના મહંત પૂજય બાપુ તેમજ આંબા ગામ આપાગીગા જગ્યાના મહંત બાપુ અને અમરેલી આપાગીગા જગ્યાના મહંત બાપુ તેમજ ઘણા બધા સંતો તેમજ સમસ્ત સમાજની હાજરીમાં આ વિવિધ કાર્યક્રમો કરવામાં આવેલા. આજની આ પૂજય શામજીબાપુની તિથિનાં દાતા એવા મંડોરા પરિવાર પ્રવીણભાઈ મંડોરા તેમજ મુકેશભાઈ મંડોરા રજવાડી સિલેકશન અને મનોજભાઈ મંડોરા, હિતેશભાઈ મંડોરા દ્વારા આજના દિવસે ભોજન પ્રસાદના દાતા બની સમસ્ત સમાજના લગભગ પાંચેક હજાર ભકતજનોએ આ પ્રસાદનો લાભ લીધેલો. આ કાર્યક્રમ સફળ બનાવવા શ્યામ યુવક મંડળ પ્રમુખ વિજયભાઈ મારૂ, ઉપપ્રમુખ હરેશભાઈ ટાંક, નિલેશભાઈ ચૌહાણ, જે.પી. ટાંક, અનિલભાઈ, આ જગ્યાનાં ભીખુભાઈ ચાવડા, ચીમનભાઈ ટાંક, નંદલાલભાઈ વાઘેલા, રાજેશભાઈ માળવી, હિરેનભાઈ સોલંકી, નંદલાલભાઈ વાઘેલા, રાજુભાઈ માળ વી અને શ્યામ મંડળના ઘણા બધા કાર્યકર ભાઈઓ તેમજ સેવા સંઘ પ્રમુખ સુરેશભાઈ સોલંકી, ઉપ–પ્રમુખ કિશોરભાઈ, આ જગ્યાના ઉપપ્રમુખ બાબુભાઈ પોરીયા, ચેતનભાઈ ચૌહાણ, મુકેશભાઈ મંડોરા, ધર્મેન્દ્રભાઈ કાચા, મૌલિકભાઈ જેઠવા, નિમેશભાઈ કાચા, મહેશભાઈસોન્ડી ગળા, અશ્વિનભાઈ વાઢેર, ગોપાલભાઈ વનરા તેમજ સમાજ અગ્રણી મનસુખભાઈ ચૌહાણ, બાબુભાઈ ટાંક, ખોડીયાર બિલ્ડર્સ જયંતીભાઈ મનાણી સહિતના શ્યામ યુવક મંડળના તમામ કાર્યકર્તા ભાઈઓ દ્વારા પૂજય બાપુની તિથિ ખૂબ જ ધામધુમથી ઉજવવામાં આવેલી. તેમ સેવા સંઘ પ્રમુખ સુરેશભાઈ સોલંકી દ્વારા જણાવવામાં આવેલ છે. જય શ્રી રામ જય આપાગીગા.

### પાલિકાની તિજોરીમાં નાણાનો અભાવ

## લ્યો બોલો : ચલાલા પાલિકાનાં રોજમદાર કર્મચારીઓ ૪ માસથી પગાર વિહોણા

### શહેરીજનોને રોજિંદી સુવિધા મેળવવામાં પણ મુશ્કેલી

ચલાલા, તા. ૨૦

ચલાલા શહેર દિનપ્રતિદિન એક નવી મુશ્કેલીઓનો સામનો કરવા મજબૂર બની રહ્યું છે ઘણી સરકારી કચેરીઓ માં અલીગઢી તાળાં લાગી ચુક્યા છે તો ઘણી સરકારી કચેરીઓ મૃતપ્રાય સ્થિતિમાં છે જેથી શહેરીજનો ને હાલ અનેક પ્રકારની યાતનાઓ ભોગવવી પડે છે. ત્યારે જેમ દુષ્કાળ માં અધિક માસ આવે તેમ ચલાલા શહેર નાં ચાલીસ હજાર માનવીઓ ની રોજીંદી આવશ્યક સેવાઓ સમાન ચલાલા નગર પાલિકા નું તંત્ર પણ છેલ્લા કેટલાય વર્ષોથી તદ્દ્ન ખાડે ગયું છે તેનાં કારણે હાલ ચલાલા શહેરમાં રોડ રસ્તા લાઈટિંગ વ્યવસ્થા આરોગ્ય અને સ્વચ્છતા બિલકુલ નામશેષ થઈ ગઈ છે તેટલું જ નહી.ચલાલા શહેરના લાચાર અને મજબુર અને નિર્દોષ ચાલીસ હજાર માનવીઓ અને લાખો પશુપંખીઓ છેલ્લા ઘણાં વર્ષોથી ખોડીયાર ડેમમાં તળીયે વધેલ અતી ડહોળું દુષિત અને દુર્ગંધ યુકત ખરાબ પાણી પીવા મજબૂર છે. ત્યારે નગર પાલિકા ચલાલા ની પરિસ્થિતિ એટલી હદ સુધી કંગાળ બની ચુકી છે કે છેલ્લાં ચાર ચાર મહિનાથી નગર પાલિકામાં ફરજ બજાવતા એક પણ રોજમદાર કર્મચારીઓનો પગાર પણ ન થતાં ચલાલા નગર પાલિકા માં ફરજ બજાવતા અને ખાસ તો સફાઈ કામદારો ટ્રેક્ટર ડ્રાઈવરો તથા પાણી પુરવઠા માં ફરજ બજાવતા મધ્યમ વર્ગના અને અતી સામાન્ય અને ગરીબ પરિસ્થિતિનાં કર્મચારીઓને પોતાનો વ્યવહાર અને પોતાના પરીવારનું લાલન પાલન અને ગુજરાન ચલાવવું મુશ્કેલ બની ગયું છે. ત્યારે આવાં પરિવારો પોતાના વહેવાર તહેવાર કે કોઈ માંદગી કે બીમારી નાં સમયે આવાં અનેક કર્મચારીઓ ને પોતાનો વ્યવહાર સાચવવો મુશ્કેલ બની રહ્યો છે ત્યારે સમયસર પોતાને પેટીયું ન મળતા ના છુટકે આવાં ઘણાં અતી ગરીબ કર્મચારીઓ પોતાનાં પરિવાર નાં ભરણ પોષણ માટે નગરપાલિકાના કામગીરી કર્યા બાદ અન્ય જગ્યાએ મહેનત મજૂરી કરવાં જઈ રહ્યા છે ત્યારે આવી વિકટ પરિસ્થિતિનાં કારણે ચલાલા નગર પાલિકા હસ્તક નાં દરેક કાર્યમાં શહેરીજનો ને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ત્યારે સરકાર વિકાસ ની હરણફાળ ભરી રહી છે ત્યારે સતાધીશો દ્વારા ચલાલા શહેર નો વિકાસ કરવો તો દૂર પણ ચલાલા શહેર નાં ચાલીસ હજાર માનવીઓ ની પ્રાથમિક સુવિધાઓ આપવામાં પણ બિલકુલ અસફળ રહે એ ખરેખર ચલાલાની કમનસીબ જનતાને દાઝ્યા ઉપર ડામ સમાન બાબત ગણાય ત્યારે ચલાલા નાં દરેક માનવીઓ ની માત્રુસંસ્થા સમાન ખુદ ચલાલા નગર પાલિકા ની પરિસ્થિતિ આટલી હદે કફોડી બની ચુકી હોય તો ચલાલા અને ચલાલા નાં શહેરીજનો ની પરિસ્થિતિ કેટલી હદ સુધી દૈનિક હશે તે બાબત પણ ઉલ્લેખનીય છે. અને ચલાલા શહેરની આવી દૈનિક અને દુઃખદાયક પરિસ્થિતિએ ચલાલાનાં સર્વાંગી વિકાસની હંબક વાતો કરી લોકો ને ભરમાવી ખોટી વાહવાહી અને સસ્તી લોકપ્રિયતા મેળવી રાજકીય રોટલો શેકનારા ઓ માટે આ શરમ જનક બાબત ગણાય ત્યારે સૌ ચુંટાયેલા વર્તમાન તથા માજી સતાધીશો તથા રાજકીય પક્ષોનાં પદાધિકારીઓ પોતાની ફરજનાં ભાગરૂપે નહી પણ સત્તાને સેવાનું માધ્યમ ગણી માનવતાની રૂએ જે માટી ખુંદી આપણે મોટાં થયાં અને જે માટીએ આપણું લાલન પાલન કર્યું તે વતનની માટીનાં જ માનવીઓ ને સર્વ પ્રકારે સુખાકારી મળે અને આપણું વતન અને પવિત્ર યાત્રાધામ નંદનવન બને તે બાબતે આપ કૃતજ્ઞતા વ્યકત કરો તેવી અખબારી યાદીમાં અશોકસિંહ તલાટીયા જણાવે છે.

### રાજકોટનાં પીપર ગામે રહેતા ઈશ્વરીયાનાં યુવકે ફરિયાદ નોંધાવી

## વડિયાનાં ઈશ્વરીયામાં ચાલુ વીજપ્રવાહનાં લીધે શ્રમિકનું મોત થતાં કોઈને જાણ કર્યા વગર મૃતદેહને સગેવગે કરી દીધો

### મૃતદેહને હાઈસ્કૂલની પાછળ આવેલ વોકળામાં નાખી દેતા ફરિયાદ

અમરેલી, તા. ૨૦

રાજકોટના પીપર ગામે આવેલ આદર્શ સોસાયટીમાં રહેતા અને મુળ વડિયા તાલુકાના ઈરીયા ગામના વતની યોગેશભાઈ માવજીભાઈ સોંધરવા નામનાં યુવકના પિતાજી માવજીભાઈ મંગાભાઈ સોંધરવા, વડિયા તાલુકાના ઈરીયા ગામના ભરતભાઈ બાબુભાઈ ગોંડલીયાની વાડી હાલ ભીખુભાઈ વલકુભાઈ વાળાએ ફારમે રાખેલ હોય. જે વાડીએ મજુરી કામે ગયેલ હોય અને ભીખુભાઈ વલકુભાઈ વાળ ાએ તેની વાડીમાં જો કોઈ વ્યકિત ઈલેકટ્રીક કેબલ અડી જાય તો મૃત્યુ સંભવ હોવાનુ જાણવા છતાં તેમની વાડીમાં ખુલ્લો ઈલેકટ્રીક મોટરનો ચાલુ વીજપ્રવાહ વાળા ઈલેકટ્રીક કેબલ ખુલ્લો રાખી અને જે ઈલેકટ્રીક કેબલ આ માવજીભાઈ મંગાભાઈ સોંધરવાના શરીરે અડી જવાથી તેને શરીરે ઈલેકટ્રીક શોક લાગતા માવજીભાઈ મંગાભાઈ સોંધરવા મરણ ગયેલ હોય. જેની જાણ આ આરોપી ભીખુભાઈ વાળાને થતાં તેણે કોઈને કહ્યા વગર ગત તા.૧૮ના સાંજે ૬ થી તા.૧૯ ના સવારે ૮ વાગ્યાના દરમ્યાન આરોપીએ મરણ જનારની લાશ તેમના ખેતરની નજીકમાં હાઈસ્કુલની પાછળ આવેલ પાણીના હોકળામાં નાખી દઈ લાશને સગેવગે કરી પુરાવાનો નાશ કરી ગુન્હો કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## અમરેલી : સારહિ તપોવન આશ્રમ ખાતે ગાયત્રી યજ્ઞમાં બજરંગદળનાં કાર્યકરો જોડાયા



અમરેલી, તા. ૨૦

સારહિ યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત 'નિરાધાર નો આધાર'. સારહિ તપોવન આશ્રમ ખાતે તેમનાં સ્વપ્ન દ્રષ્ટા – લોક સેવક મુકેશભાઈ સંઘાણીનાં સંકલ્પ અનુસાર બની રહેલા, તપોવન આશ્રમનું નિર્માણ કાર્ય થાય ત્યાં સુધી દર રવિવારે ગાયત્રી યજ્ઞ કરવામાં આવે છે, તેમાં બજરંગ દળનાં વિદુરભાઈ ડાબસરા, મહાવીરભાઈ વીંછિયા, રાજેન્દ્રભાઈ ધાખડા, સુમિતભાઈ સિંધવ, મયુર જેઠવા, ધ્રુવ ગઢાદરા, નિકુંજ કાકરેચા, ગૌરવ મેહતા, હર્ષ પાડલીયા, દિવ્યેશ મેહતા, અભી સેલાની બજરંગ દળ ની સમગ્ર ટીમને ગાયત્રી યજ્ઞમા બેસવાનો લાભ મળ્યો અને યજ્ઞ વિધી કરી.ગાયત્રી જ્ઞાન મંદિર ટ્રસ્ટ અમરેલીનાં પરિજનો દિનેશભાઈ ઠાકરએ ગાયત્રી યજ્ઞ કરાવ્યો. સારહિ પરિવાર વતી મુકેશભાઈ સંઘાણી, તુષારભાઈ જોષી, રાજેશભાઈ માંગરોળિયા, ભ્રમિતસિંહ ચૌહાણ, જયેશભાઈ સરવૈયા સહિતનાં પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ૨૫ ફેબ્રુ.એ રંગ કસુંબલ ભાતીગળ લોકડાયરો યોજાશે

## અમરેલીનાં નાના માચીયાળા ખાતે ''સંગે શ્યામ'' મોટી ડેલીએ ૨૬ ફેબ્રુ. એ લગ્નોત્સવ

**ચિ.નમ્રતાબેનનાં શુભલગ્ન ચિ.સૂર્યદીપભાઈ સંગાથે, ચિ. રૂદ્રાબેનનાં શુભલગ્ન ચિ. શિવરાજભાઈ, સંગાથે ચિ.આલેખભાઈનાં શુભલગ્ન ચિ. આનલબાઈ સંગાથે**

અમરેલી, તા. ૨૦

અમરેલીનાં નાના માચીયાળાનાં આહીર વનરાજભાઈ કોઠીવાળ, આહીર બાવકુભાઈ કોઠીવાળનાં આંગણે આગામી ૨૬ ફેબ્રુ.નાં રોજ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. તા. ૨૫ ફેબ્રુ.નાં રોજ રંગ કસુંબલ ભાતીગળ લોક ડાયરાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં જીતુદાદા, હરેશદાન સુરૂ, મીનાબા જાડેજા, વિજયદાન, વિશાલદાન જમાવટ કરશે.

### મુડીવાદનાં માહોલમાં અનેરી ઘટના ઘટી

## સુરતના હીરાનાં વેપારી કરોડોની સંપત્તિ છોડીને પોતાની પત્ની સાથે લેશે દીક્ષા..!!

### દીક્ષા મુહૂર્ત લેવા જેગુઆર કાર પર સવાર થઈ કાઢી ભવ્ય શોભાયાત્રા.!!

(પ્રતાપ ખુમાણ દ્વારા)

સાવરકુંડલા, તા. ૨૦



આપણે જાણીએ છે જે સુરત શહેર એ સંયમનો માર્ગનું એક શ્રેષ્ઠ સ્થાન છે. અનેક ધનવાન વ્યકિતઓએ મોહ માયા છોડીને સંયમના માર્ગે ચાલી નીકળ્યા છે. હાલમાં ફરી એકવાર સુરત શહેરના હીરા વેપારી પોતાના પત્ની સાથે જૈન દીક્ષા લેશે. આ દંપતીનાં એક દીકરી અને એક દીકરો અગાઉ દીક્ષા લઈ ચૂકયાં છે. સૌથી ખાસ વાત એ છે કે, બંને દંપતી જેગુઆર કારમાં દીક્ષાનું મુહૂર્ત લેવા નીકળ્યાં હતાં. આ દંપતીનું નામ દીપેશ શાહ અને તેમનાં ધર્મપત્ની શોભાયાત્રા થકી મુહૂર્ત લેવા માટે ઉમરા જૈન સંઘમાં પહોંચ્યાં હતાં અને આ શુભ અવસરે દંપતીએ જેગુઆર કારમાં પહોંચી મહારાજ સાહેબ પાસે મુહૂર્ત માગ્યું હતું. તમને જણાવી દઈએ કે શાહ પરિવાર વર્ષો પહેલાં બેલગામથી સુરત રહેવા આવ્યો હતો. આ પરિવાર ખૂબ જ ધનવાન છે છતાં પણ વૈભવશાળ ી જીવન છોડીને દીક્ષા લઈ રહ્યા છે. આજથી ૧૦ વર્ષ પહેલાં તેમની પુત્રી પ્રિયાંશીએ ૧૨ વર્ષની ઉંમરે દીક્ષા લીધી હતી અને તેમના ભવ્ય શાહને પણ દીક્ષા લીધેલ તે સમયે ભવ્ય ફેરારી કારમાં દીક્ષા મુહૂર્ત લેવા ગયો હતો. સંયમ જીવનમાં મુનિ ભાગ્યરત્નવિજય નામ ગ્રહણ કર્યુ હતું. ફરી એકવાત શાહ પરિવારની શોભાયાત્રાના માર્ગમાં શ્રાવકો, સામાન્ય લોકોમાં ઉત્સુકતા જોવા મળી હતી. હવે દીપેશ શાહ આજ દિન સુધી તેઓ વૈભવી જીવન જીવતા આવ્યા છે, પરંતુ હવે તેઓ પોતાની પત્ની સાથે સંયમના માર્ગે ચાલવા દીક્ષા ગ્રહણ કરશે. તેઓ દીક્ષા લેશે અને તેમના મોટા પુત્ર તેમનો વેપાર સંભાળશે. મોટા દીકરાના લગ્ન બાદ દંપતીએ દીક્ષાના મુહૂર્ત લેવાનું નક્કી કર્યુ હતું. ચાતુર્માસ દરમિયાન પ્રથમ મુહૂર્ત ઉત્સવનો કાર્યક્રમ યોજાશે.

## અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં કાનજીભાઈ ભાલાળા અને વેકરિયાની મુલાકાત



અમરેલી, તા. ૨૦

શ્રેષ્ઠ વકતા અને સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરતનાં પ્રમુખ અને વરાછા કો. ઓપરેટીવ બેંકમા આધારસ્તંભ એવા કાનજીભાઈ ભાલાળ ા તથા ગોલ્ડન વિલેઝ રફાળાના કાર્ય પ્રેરણા એવા સવજીભાઈ વેકરીયા, શ્રીજી વિધા ભુવન અમરેલીના મહેમાન બની શાળાની ઉતમ કામગીરી અને ભાવાત્મક વાતાવરણને પ્રેરણાદાઈ રીતે વધાવી હતી. આ પ્રસંગે પિયુષભાઈ ધાનાણીએ પણ પ્રેરક હાજરી આપી હતી. શાળામાં સહઅભ્યાસ પ્રવૃતિઓ રાષ્ટ્રવંદના તેમજ શૈક્ષણીક સિધ્ધિઓથી સમાજના તમામ પ્રશ્નોનો ઉકેલ કેળવણીમાંથી છે. અને આવી સુંદર કેળવણી આપવા બદલ સંસ્થાને અભિનંદન આપ્યા હતા. સંસ્થાના સંચાલક દંપતી દીપકભાઈ વઘાસીયા અને વિલાસબેન વઘાસીયા સંસ્થાના મહેમાનોને આવકાર્યા હતા. પ્રસગોચિત સ્વાગત કર્યુ હતું. આ સંસ્થા વિદ્યાર્થીઓના સર્વાંગી ઘડતરમાં કઈ રીતે કામ કરે છે તે બાબતે પ્રેરક વકતવ્યો આપ્યા હતા. કાર્યકર્મ ખૂબ જ સફળ રહ્યો.

## ૧૦ દિવસથી હોટલના રૂમમાં બંધ હતો આ પરિવાર, પછી પોલીસે રૂમ ખોલતા જ તમામ ચોંકી ગયા..!

(પ્રતાપ ખુમાણ દ્વારા)

સાવરકુંડલા, તા. ૨૦



દેશની આર્થિક રાજધાની મુંબઈમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં સાકી નાકાની એક હોટલમાં પરિવારના એક સભ્યે વિકૃત મૃતદેહ સાથે ૧૦ દિવસ વિતાવ્યા, જયાં તેણે ૪૧ દિવસ પહેલા ચેક ઈન કર્યુ હતું. બ્રિટનથી પરત આવેલી મૃતક મહિલાના પુત્રએ શનિવારે રાત્રે આ અંગે પોલીસને જાણ કર્યા બાદ લાશ મળી આવી હતી અને પરિવારના સભ્યોને પૂછપરછ માટે લઈ જવામાં આવ્યા હતા. એક વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, અબ્દુલ કરીમ સુલેમાન હાલાઈ (૮૨), તેમની પુત્રી નસીમા યુસુફ હાલાઈ (૪૮), નસીમાની ૨૬ વર્ષીય પુત્રી અને અબ્દુલના પુત્ર અને પૌત્ર સાથે ૨૧ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ હોટેલ ગ્રાન્ડયુઅરમાં ચેક ઈન કર્યુ હતું. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, નસીમાંનુ ૮ ફેબ્રુઆરીના રોજ મૃત્યુ થયું હતુ . મૃત્યુ થતાં પહેલાં તેણીને ઉલ્ટી અને ઝાડા થયા હતા, ત્યારબાદ તેના ભત્રીજાએ નસીમાના પુત્ર યાસીનને બ્રિટન ઈમેલ મોકલીને મૃત્યુની જાણ કરી હતી. સાકી નાકા પોલીસ સ્ટેશનના વરિષ્ઠ પોલીસ નિરીક્ષક ગબાજી ચિમટેએ જણાવ્યું હતું કે, 'અમને મૃત્યુની જાણ ત્યારે થઈ જયારે યાસીન શનિવારે રાત્રે બ્રિટનથી પરત આવ્યો અને અમને જાણ કરી. અમારી ટીમે હોટલના રૂમની મુલાકાત લીધી અને લાશને બહાર કાઢી, જે લગભગ સડી ગયેલું હતું. અમે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે રાજાવાડી હોસ્પિટલમાં મોકલી આપ્યો છે અને અકસ્માતે મોતનો અહેવાલ નોંધ્યો છે. અન્ય એક પોલીસ અધિકારીએ ખુલાસો કર્યો કે યાસીનને ઈમેલ એ જ દિવસે લખવામાં આવ્યો હતો જે દિવસે નસીમાનું મૃત્યુ થયું હતું. તેણે કહ્યું કે ' પરિવારે કોઈને જાણ કરી ન હતી, હોટેલ સ્ટાફ અને પરિવારના અન્ય સભ્યોને પણ નહીં. દરવાજો બંધ રાખીને તે તેના વિકૃત શરીર સાથે રહ્યો. અમને વિશ્વાસ નથી આવતો કે કેવી રીતે દુર્ગંધ છુપાવવામાં આ લોકો સફળ થયા. અમે તેના અને હોટલ સ્ટાફના નિવેદનો રેકોર્ડ કરી રહ્યા છીએ. પોલીસના જણાવ્યા અનુસાર, મા–દીકરીની જોડી અગાઉ જોગેશ્વરીમાં રહેતી હતી અને ૨૧ મહિના પહેલા નસીમાના પતિ સાથે ઝઘડા બાદ તેઓ ઘર છોડીને ચાલ્યા ગયા હતા. ત્યારથી પરિવારના પાંચેય સભ્યો શહેરની અલગ અલગ હોટલમાં રહે છે. પૈસા કમાવવા માટે નસીમા ટયુશન ભણાવતી હતી, જેમાં તેની લો ગ્રેજયુએટ દીકરી મદદ કરતી હતી. યાસીન બ્રિટનમાં અભ્યાસ કરતો હતો અને તેની માતાને આર્થિક મદદ કરવા માટે છેલ્લા કેટલાક મહિનાઓથી પાર્ટ ટાઈમ પણ કામ કરતો હતો.

# અમરેલી જિલ્લામાં ખનિજ ચોરી કરીને અનેક રોડપતિ કરોડપતિ બની ગયા

# લીલીયા પંથકમાં ખનિજ માફિયાઓ સામે તંત્રની લાલ આંખ

શેત્રુંજી નદીનાં પટ્ટમાંથી રેતી ઉપાડવા પર દાયકાથી પ્રતિબંધ છતાં પણ દિવસ-રાત રેતી ચોરી થતી હોવાની ફરિયાદ સામે આવે છે

મીડિયાજગતે અનેક વખત અહેવાલ પ્રસિદ્ધ કર્યા છતાં પણ તંત્રની મીઠીનજરતળે રેતી ચોરીનું દુષણ બંધ થતું નથી

અંતે ખાણ-ખનિજ વિભાગ દ્વારા લીલીયાનાં બવાડી વિસ્તારમાં દરોડો પાડીને રેતી ચોરી કરતાં વાહનો ઝડપી લીધા

ખાણ-ખનિજ વિભાગે એક લોડર, એક ડમ્પર અને ત્રણ ટ્રેકટર મળી રૂપિયા ૫૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો





અમરેલી, તા. ૨૦

અમરેલી જિલ્લો એ ઔદ્યોગિક વિકાસમાં પાછળ રહી ગયો છે. પરંતુ ભ્રષ્ટાચાર કરવામાં જિલ્લાનું તંત્ર હંમેશા અગ્રેસર રહેતું હોય તેવું જોવા મળે છે. જિલ્લામાં ભૂમાફિયાઓ, બુટલેગરો, વ્યાજખોરો હંમેશા કોઈને કોઈ કારસ્તાન કરતાં હોય છે. પરંતુ છેલ્લા એક દાયકાથી રેતી, પથ્થર, માટી જેવા ખનિજ તત્વોની ચોરીનાં દુષણે પણ હદ વટાવી છે અને ખનિજ ચોરી કરીને અનેક રોડપતિ પણ કરોડપતિ બની ગયાનું જોવા મળી રહ્યું છે.

અમરેલી જિલ્લામાંથી પસાર થતી શેત્રુંજી નદીમાં એશિયાટીક સિંહોનો વસવાટ હોવાથી તેમની સુરક્ષા અર્થે રેતી ચોરી ઉપાડવા પર એકાદ દાયકાથી પ્રતિબંધ હોવા છતાં પણ ખુલ્લેઆમ રેતી ચોરીની ઘટનાં બની રહી છે. ખાણ–ખનિજ વિભાગ અને પોલીસ વિભાગ ધ્વારા રેતી ચોરી પકડવા માટે કયારેક કયારેક કામગીરી પણ કરવામાં આવતી હોય છે. પરંતુ અમુક રાજકીય આગેવાનોનાં દબાણનાં કારણે રેતી ચોરી સદંતર બંધ થતી નથી.

અનુસંધાન પાના ૬ ઉપર

## છેલ્લા ૭ વર્ષથી માનસિક બીમારીથી કંટાળ્યા

## અમરેલીનાં કુંકાવાવ માર્ગ ઉપર રહેતા યુવકે બીમારીથી કંટાળી ઝેરી દવા પી લીધી

### સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત

અમરેલી, તા. ૨૦

અમરેલીના કુકાવાવ રોડ સોમનાથ મંદિરની સામે રહેતા નથુભાઈ કાળુભાઈ મકવાણા નામનાં ૪૦ વર્ષિય યુવક છેલ્લા સાતેક વર્ષથી માનસિક બીમારી હોય જેની દવા રાજકોટ મુકામે પણ ચાલુ હોય અને બીમારીના કારણે તેમને માથામાં ખૂબ જ અસહાય દુઃખાવો થતો હોય જે દુઃખાવો સહન ન થતા કંટાળી જઈ પોતે પોતાની મેળે ગત તા. ૧૮ બપોરના એકાદ વાગે તેમના ઘરે ઘઉંમા નાખવાના ઝેરી દવાના ટીકડા પી જવાથી સારવાર માટે અમરેલી સિવિલ હોસ્પિટલમાં લઈ જતા તેસારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## ભૈ વાહ : દામનગરમાં ''રામરાજય'' સ્થપાયુ




દામનગર શહેરમાં ઠાસા રોડ ઉપર ચામઠીનાં ઢોરા તરીકે ઓળખાતા વિસ્તારમાં સરકાર દ્વારા દામનગરમાં રહેતા મધ્યમ વર્ગીય પરિવારોને મફત પ્લોટ આપવામાં આવતા ઘર બનાવી વસવાટ શરૂ થયેલ છે. અને નગરપાલિકા દ્વારા પાણી,પેવર બ્લોક, લાઈટ જેવી પ્રાથમિક સવલત પૂરી પાડવામાં આવી છે. આ રહેણાંકી વિસ્તારનું નામ આમ તો ચામઠીનાં ઢોરા તરીકે ઓળખાય છે, પણ એક વ્યવસ્થિત નામ આપવામાં આવ્યું, નગરપાલિકાની ગત મિટિંગમાં 'રામ રાજય સોસાયટી' નામ આપી બોર્ડ મૂકવામાં આવતા અહીંયા રહેતા રહીશોમાં ખુશીની લાગણી જન્મી છે, અને સત્તાધીશોનો આભાર માન્યો હતો.

Sheetal
ICE CREAM
WE ARE HIRING!
Job Location : Amreli
MICROBIOLOGIST / CHEMIST
(BSC/MSC) (FEMALE)
DAIRY TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)
FOOD TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)
SUPERVISOR
(B.A/B.COM) (FEMALE)
WALK-IN TIME
10:00 am to 12:00 pm | 4:00 pm to 6:00 pm
APPLY NOW
+91 9081998018
sheetalhr530@gmail.com
SHEETAL COOL PRODUCTS LIMITED
PLOT NO.75 TO 81, G.I.D.C. ESTATE, AMRELI - 365601.

જોઇએ છે
કોમ્પ્યુટર ઓપરેટર.....................૨
CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી
ઓફિસબોય..............................૧
ઓફિસનાં પરચુરણ કામકાજ માટે
અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો
રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

આમ આદમીનું અખબાર
અમરેલી એક્સપ્રેસ
આપના માટે લાવી રહ્યું છે લવાજમ યોજના



વાર્ષિક
લવાજમ યોજના
૨૦૨૪
લવાજમ ભરો માત્ર ₹ ૮૯૯/-
અને મેળવો આખું વર્ષ અમરેલી એકસપ્રેસ...
સચોટ-સટીક
સાતત્યસભર દૈનિક
સાવરકુંડલામાં
એજન્ટ/પત્રકારની નિમણુંક થયેલ છે



કેવલ વેલાણી
(સાવરકુંડલા)
સાવરકુંડલા શહેરમાં ''અમરેલી એકસપ્રેસ'' દૈનિકના પત્રકાર કમ એજન્ટ તરીકે કેવલ વેલાણી ની નિમણુંક કરવામાં આવી હોય પ્રેસનોટ, અવસાનનોંધ, જાહેરખબર અને વર્તમાનપત્ર મેળવવા માટે સંપર્ક કરો.
કેવલ વેલાણી
મો. ૯૯૯૮૭ ૭૮૨૮૧-સાવરકુંડલા
લવાજમની મુદ્દત
તા.૦૧-૦૧-૨૦૨૪
થી
તા.૩૧-૧૨-૨૦૨૪
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩
www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)